HEART OF EDUCATION is EDUCATION OF HEART

OASIS

# Oasis Story

## Phase 1: 1989-1999

~ **Kshama** Kataria

# ઓએસિસ: એક ઝરણું જ્યારે ઘૂઘવતી નદી બન્યું

*શાંત ક્રાંતિનું સ્વપ્ન સાકાર કરવા નીકળેલાં સજ્જ યુવક-યુવતીઓની આશ્ચર્યજનક, નક્કર કામગીરીની તથા આશા-નિરાશા, સફળતા-નિષ્ફળતા, સહકાર-સંઘર્ષ, સ્વપ્નસિદ્ધિ-સ્વપ્નભંગ જેવી અનેક ધસમસતી લાગણીઓની સંપૂર્ણ સત્યકથા*

Oasis

**a university of Love, Life and Friendship for youth**

વર્ષ ૧૯૯૪માં, સત્તર વર્ષની ઉંમરે હું બીજી કોઈ પણ સામાન્ય, ગભરુ છોકરી જેવી હતી. ક્યાંક ક્યાંક વિદ્રોહ, હિંમત અને જીદ પડેલાં હતાં પણ તેની ઉપર બીજાં અનેક આવરણો હતાં. થોડાક વિરોધાભાસ સાથેની શાંતિ થોડી વધુ ઘેરી હતી ત્યારે, કારણ કે થોડા સમય પહેલાં જ મેં મારી વહાલસોયી માતા ગુમાવી હતી. મને એ સમયે જીવનમાં બધું જ વેરવિખેર લાગતું હતું અને જીવનમાં આગળ કંઈક કરવાની મહત્ત્વાકાંક્ષા હું સદંતર ગુમાવી બેઠી હતી. પપ્પા અને બહેન સાથે પહેલેથી જ એક અંતર રહ્યું હતું જે હવે તો જાણે બહુ મોટા અંતરાલમાં ફેરવાઈ ગયું હતું.

બરાબર આ ગાળામાં મારા જીવનમાં ઓએસિસનો પ્રવેશ થયો.

ઓએસિસે સૌથી પહેલી ભેટ મને બિનશરતી મિત્રતાની આપી. હું ત્યારે બારમા ધોરણમાં ભણતી

ઓએસિસનાં સાથીમિત્રો સાથેની યાદગાર સમુહ તસવીરમાં ઊભેલાં (જમણેથી છેલ્લાં) લેખિકા



હતી. શાળાનું ભણતર પૂરું કરીને મેં સામેથી પ્રવૃત્તિઓમાં જોડાવાની ઇચ્છા ન દર્શાવી ત્યાં સુધી મને આ અનોખી યુવાસંસ્થામાં મિત્રો તરફથી હૂંફ ને માત્ર હૂંફ મળતી રહી. અને ખરે જ તેનાથી મારા હૃદયને કળ વળી. ત્યાં કંઈ સહાનુભૂતિનાં ગાડાં નહોતાં ઊમટતાં, પણ છતાં પ્રેમ અને વિશ્વાસના વણકહ્યાં સ્પંદનો જરૂર હતાં. હું ત્યારે અઠવાડિયે એકાદ વાર અડધાએક કલાક માટે ઓએસિસના ફ્રેન્ડ્ઝ હોમમાં જતી.

સ્વાભાવિક રીતે, મેં તેમને સૌને વધુ જાણવાના પ્રયત્નો આદર્યા. બારમા ધોરણના અભ્યાસના બહાને હું બીજા એક વિદ્યાર્થી સાથે ઓએસિસના સ્થાપક ટ્રસ્ટીઓમાંના એક, ડૉ. માયા સોનીને ત્યાં મહિનોએક રહી. ત્યારે મેં તેમને ખૂબ નજીકથી જોયાં-જાણ્યાં. તેમની દૈનિક ગતિવિધિઓ તેમ જ તેમનું કામ, તેના પ્રત્યેની લગન જોયાં. તેમનો વિશ્વાસ, તેમનાં મહેનત-સંઘર્ષ, તેમની પ્રતિબદ્ધતા, તેમની સચ્ચાઈ, તેમનો ઉત્સાહ તેમના શબ્દોથી પર થઈને મારા સુધી પહોંચતાં હતાં. ઓએસિસ વિશે બધું જાણી લેવાની તાલાવેલીમાં, હું ત્યારે જુદા જુદા મિત્રોને ખૂબ પ્રશ્નો પૂછ્યા કરતી. અને તેઓ જે જવાબો આપતાં તેનાથી મને વળી વળીને થતું કે કાશ, હું થોડી વહેલી ઓએસિસના પરિચયમાં આવી હોત!

હું પ્રવેશી ત્યારે તો ઓએસિસમાં ધસમસતી પ્રવૃત્તિનાં વર્ષો હતાં, તેમનાં શરૂઆતનાં સ્વપ્નમય વર્ષો (હનીમૂન યર્સ) તો ક્યારનાંય વીતી ગયાં હતાં. મારા કહેવાનો ભાવાર્થ એ છે કે જે આદર્શોની તેઓ ચર્ચા કરતાં આવ્યા હતા તેને જીવવાનાં આ વર્ષો હતાં. મેં સાંભળ્યું અને વાંચ્યું હતું તે પ્રમાણે ૧૯૮૯ના વર્ષમાં વડોદરાના યોગનિકેતનમાં ૧૦મા–૧૨માના વિદ્યાર્થીઓ માટે યોગનો વિશેષ વર્ગ આયોજિત થયો હતો. યોગ સમગ્ર જીવનને આવરે છે એ દાવે આ યુવાનો અને યોગશિક્ષક વચ્ચે ચાલતી અનૌપચારિક વાતચીત ધીમે ધીમે ચર્ચાનું રૂપ લેવા માંડી અને તેનું આકર્ષણ એટલું વધ્યું કે છેવટે તેમણે સૌએ સાથે મળીને અઠવાડિક ધોરણે 'સ્વવિકાસ વર્તુળ' શરૂ કર્યું. છ મહિનામાં તો આ રીતે મળતા યુવાનોની સંખ્યા ૧૦૦–૧૫૦ સુધી આંબી ગઈ. દર રવિવારે બે કલાકના નિશ્ચિત સમય ઉપરાંત, પહેલાં અને પછી એક એક કલાક, એમ ચારચાર કલાક સુધી યુવાનો ત્યાંથી જવાનું નામ ન લેતા. યુવાનોમાં આ સ્વવિકાસ વર્તુળ એટલું લોકપ્રિય થયું કે પરીક્ષા હોય કે તબિયત નબળી હોય, સ્વવિકાસ વર્તુળમાં હાજર રહેવું ન જ ચુકાય. મને આ ભારે અજાયબ ઘટના લાગી. બેજવાબદારી અને મોજમસ્તી માટે જાણીતા યુવાનો સ્વવિકાસની ચર્ચા કરવા ભેગા થાય અને સતત કરતા રહે તે અજાયબ જ કહેવાય ને! આમ કરતાં કરતાં થોડો વધુ સમય થયો ત્યાં સૌને લાગ્યું કે આને થોડું વધુ વ્યવસ્થિત ઢબે કરવું જોઈએ. સૌથી પહેલાં યોગ્ય નામ આપવું જોઈએ એ વિચારે લગભગ ૨૦૦ મિત્રોએ પોતાનું મગજ કસ્યું અને એ પછી લોકશાહી ઢબે નામ તારવતાં તારવતાં એક નામ ફાઇનલ કરવામાં આવ્યું — 'ઓએસિસ'. ઓએસિસ એટલે કે, રણદ્વીપ રણમાં આવેલી મીઠી વીરડી. યુવાનોને લાગતું હતું કે અહીં અમારી તરસ બુઝાય છે, જીવનના તાપ-ત્રસ્તતામાંથી અહીં ઠંડક અનુભવાય છે — આ અમારા માટે રણદ્વીપ છે. વાહ! એટલું જ નહીં, તેમણે સૌએ વધુ સારી રીતે વ્યક્ત થઈ શકે તે માટે આ નામને ઍક્સ્ટેન્શન પણ આપ્યું — 'ઓએસિસ — એ યુનિવર્સિટી ઑફ લવ, લાઇફ ઍન્ડ ફ્રેન્ડશિપ ફૉર યૂથ.'

૧૯૯૦–૯૧ આખું વર્ષ આ પ્રવૃત્તિ ચાલી. દરમ્યાનમાં સેલ્ફ ડેવલપમૅન્ટ માટેનો વ્યવસ્થિત અભ્યાસક્રમ બનાવાયો. હવે દરેક મહિનાના વિષયો નક્કી હતા — શીખવા-શીખવવાની એક પદ્ધતિ નિશ્ચિત બની હતી. પછી શરૂ થયો પોતાને જે મળ્યું છે તે બીજા યુવાનો સુધી મોટા પાયે પહોંચાડવાનો દોર. એક પછી એક શિબિરો થવા માંડી... વૈચારિક યાત્રા, અસ્તિત્વનો ઉત્સવ, હાકલ (દેશદાઝનું થીમ), યંગ ડ્રીમ્સ (લવ, લાઇફ, ફ્રેન્ડશિપ) — નામની આ

એક-બે-ત્રણ દિવસની શિબિરોમાં ૧૦૦–૨૦૦–૩૦૦ યુવાનો ઊમટતા.

આવું કરતાં કરતાં તેમને સૌને થયું કે આપણે ખાલી વાતો કર્યા કરીએ તે ન ચાલે, આપણે કંઈક નક્કર પ્રવૃત્તિ પણ કરવી જોઈએ. અત્યાર સુધી થતી શિબિરોની પ્રવૃત્તિ તેમ જ અઠવાડિક ધોરણે મળવાની પ્રવૃત્તિ આંખે ઊડીને વળગે એટલી શિસ્તબદ્ધતાથી અને આયોજનપૂર્વક થતી અને તેના ખર્ચની કાળજી કૅમ્પમાં આવતા સહભાગીઓની ફીમાંથી કે વ્યક્તિગત બચતમાંથી રાખવામાં આવતી હતી. પણ સમાજ માટે નક્કર પ્રવૃત્તિઓ કરવી હોય તો કોઈ નિશ્ચિત માળખું જોઈએ. એટલે ડિસેમ્બર ૧૯૯૩માં 'ઓએસિસ અ સેલ્ફલેસ ઇન્ટરનૅશનલ સોસાયટી' નામે જાહેર ટ્રસ્ટ તરીકે નોંધણી કરાવવામાં આવી અને એ સાથે શરૂ થઈ એક અનોખી જાહેર સંસ્થા તરીકે વિકસવાની અને લોકમાનસને સમજવાની રોમાંચક સફર!

આ આખી ઓએસિસ ઘટનાના પ્રાણ હતા તે વખતે પચીસ વર્ષના સંજીવ શાહ.

મેં ત્યારે તેમને જેટલા જોયા-જાણ્યા હતા અને ઓએસિસના મુખપત્ર અલાઇવમાં જેટલા વાંચ્યા હતા એટલા એ મને ભારે ચુંબકીય તત્ત્વ ધરાવનારા લાગ્યા હતા. યુવાનો તેમની પાસે ખૂલતા. દેશને, દેશની સમસ્યાઓ-વાસ્તવિકતાને જોતી અને તે છતાં દેશ માટેનું ગૌરવ ન ગુમાવી દરેક અદના માણસમાં વિશ્વાસ રાખતી તેમની દૃષ્ટિના કારણે તેઓ દૂબળા-પાતળા હોવા છતાં તેજસ્વી લાગતા હતા. તેમની દેશદાઝ હૃદય સોંસરવી ઊતરતી હતી અને સમસ્યાઓને નિહાળવાનો આ દૃષ્ટિકોણ વધુ સારો છે એવું યુવાનોને સહજતાથી પહોંચતું હતું. કદાચ એટલે જ, કોઈ દેખીતી કટોકટી ન હોવા છતાં, સંજીવભાઈ સેંકડો યુવાનોમાં જબરજસ્ત સામાજિક નિસબત ઊભી કરી શક્યા હતા. ઓએસિસ તેનું જ પરિણામ હતું.

ટ્રસ્ટ તરીકે નોંધાયાના પહેલા જ વર્ષમાં ઓએસિસે વડોદરા શહેરમાં હારબંધ પ્રવૃત્તિઓ કરીને આદર્શઘેલા પણ જવાબદાર, શિસ્તબદ્ધ યુવાનોની ફોજ તરીકેની પ્રતિષ્ઠા અંકે કરી લીધી. આગળ જતાં તેમની ઓળખનું અભિન્ન અંગ બની ગયાં તેવાં સફેદ વસ્ત્રોમાં સજ્જ એવા યુવાનો જે વડોદરાને સાફસૂથરું બનાવવા હાથમાં ઝાડુ અને સૂપડી લઈને, વડોદરાને હરિયાળું બનાવવા વૃક્ષારોપણ કરવા, તો જરૂરિયાતમંદોને લોહી મળી રહે તે માટે બ્લડ એકઠું કરવા તો ક્યાંક અશ્વમેધ યજ્ઞની સામે પ્રદૂષણમેધ યજ્ઞ કરીને જાગૃતિ લાવવા મોટા પાયે રેલીઓ કાઢતાં રસ્તા પર દેખાવા માંડ્યા. મોટી કહેવાય એવી રેલીઓ કાં તો રાજકીય હોય કે પછી ધાર્મિક હોય એવી સામાન્ય માન્યતા ઓએસિસે તોડી. ઓએસિસની શિસ્તબદ્ધ અને ક્રિયેટિવ રેલીઓ અન્ય રેલીઓ કરતાં સદંતર જુદી તરી આવતી હતી. પણ ઓએસિસ આવી નિર્દોષ લાગતી પ્રવૃત્તિઓ પર અટક્યું નહીં. વિદ્યાર્થી અને નાગરિક ધર્મ તરીકે તેની સામે જેમ જેમ પડકાર આવતા ગયા તેમ તેમ તે જોખમોની ચિંતા કર્યા વિના તેમને ઉઠાવતું ગયું.

૧૯૯૪ની શરૂઆતમાં જ્યારે અનામત-વિરોધી જુવાળ ઊભો થયો અને શહેરી વિદ્યાર્થીઓ અન્યાયની લાગણીથી તોફાનો-ભાંગફોડ કરવા લાગ્યા, ત્યારે ઓએસિસે ખૂબ સમજુ સ્ટૅન્ડ લીધું. યુવાનોને એક કે બીજા છેડા તરફ ધકેલવાને બદલે અત્યંત



સહાનુભૂતિપૂર્વક અનામતનું વિશ્લેષણ કરવામાં આવ્યું. યુવાનો અને નાગરિકો જ્યાં સુધી વિચારતા નહીં થાય ત્યાં સુધી તેમનો ભોગ લેવાતો રહેશે. ક્યાંક રાજકારણીઓ તેમની નાજુક લાગણીઓને ઉશ્કેરીને તેમને પોતાનો હાથો બનાવશે તો ક્યાંક સત્તાધારી પક્ષ લાભ લઈ જશે. અનામત મુદ્દે ભારે છણાવટ સહિતનો વિશેષાંક ઓએસિસે પ્રગટ કર્યો—એટલું જ નહીં અનામત એક્સપ્રેસ બસ દોડાવીને ચોરે ને ચૌટે વહેંચ્યો. યુવાનોની લાગણી સમજતો અને તેમને સ્પષ્ટતા તરફ દોરી જતો આ અંક આજે વાંચીએ તો પણ એટલો જ પ્રસ્તુત લાગે છે. અનામત જેવા વિવાદાસ્પદ મુદ્દે, કાર્યક્રમો યોજીને મોટા પાયે યુવાનો, શિક્ષકો અને લોકોને સાથે લીધા. ત્યારે યુવાનોને વિચારતા કરીને આટલી સંખ્યામાં સંગઠિત કરી બતાવવાની શક્તિ જોઈને રાજકારણીઓએ પહેલી વાર ઓએસિસની નોંધ લીધી.

અલબત્ત, ત્યાર સુધીમાં અનેક સામાજિક હસ્તીઓ ઓએસિસને બિરદાવવા લાગી હતી. નાનુભાઈ અમીન, જી. નારાયણ, પ્રો. કે. એમ. ધોળકિયા જેવી વ્યક્તિઓ ઉત્સાહપૂર્વક ઓએસિસની પ્રવૃત્તિઓમાં સામેલ થતી તો વિમળા ઠકાર, કાંતિસેન શ્રોફ, પી. સી. વૈદ્ય, પુરુષોત્તમ માવળંકર, દિલીપ દેસાઈ ને યશવંત શુક્લ જેવી એક મુકામે પહોંચેલી, સામાજિક નિસબત ધરાવતી વ્યક્તિઓ સાથે જીવંત પત્રવ્યવહાર, વિચાર-વિમર્શ ને સંપર્ક રહેતો. તેઓ ક્યારેય આ આત્મવિશ્વાસુ, દષ્ટિવાન યુવાનોના પ્રયત્નોને બિરદાવવાનું ચૂકતા નહીં. ઓએસિસની દિલ ખોલીને પ્રશંસા કરનારાઓમાં એક નામ જાણીતા લેખક ગુણવંત શાહનું પણ હતું. એ વખતે ગુણવંતભાઈની છબિ યુવાનોને પ્રોત્સાહન આપનાર, તેમનામાં શ્રદ્ધા દર્શાવનાર ક્રાંતિકારી વિચારક તરીકેની હતી—તેમની યુવાનોના હૃદયને સમજવાની, બિરદાવવાની અને તેમને પ્રોત્સાહન આપવાની એ જેન્યુઇન ક્ષમતા ઓએસિસના મિત્રોએ પ્રત્યક્ષ અનુભવી હતી. એકદમ શરૂઆતનાં વર્ષોમાં જ્યારે ઓએસિસ માત્ર શિબિરો કરતું હતું ત્યારે તેમણે ઓએસિસ પર ખૂબ પ્રેમ વરસાવ્યો હતો. ઓએસિસના ટ્રસ્ટીઓ સાથે તેમનો વધુ સ્નેહાળ નાતો હતો. સંજીવભાઈ અને માયાબહેનને તો તેમણે પોતાની સંસ્થા 'ઇન્ટરનૅશનલ યૂથ કાઉન્સિલ'માં ટ્રસ્ટી તરીકે પણ નિમંત્ર્યાં હતાં. ઓએસિસને જ્યાં જરૂર હોય ત્યાં દોરવણી આપવાનું, ચાર માણસોમાં તેની ઓળખ કરાવવાનું ગુણવંતભાઈને ગમતું હતું. ઓએસિસના ટ્રસ્ટીઓની નજરમાં વય અને ખાસ તો તેમના તરફથી મળતી હૂંફના કારણે તે એક પિતા સમાન વડીલ હતા... ભવિષ્યમાં આ સંબંધ કેવું રૂપ લેવાનો છે તે તો ત્યારે કોને ખબર હતી; અલબત્ત, આજે પણ ઓએસિસના જૂના મિત્રો તેમના પ્રેમને જ યાદ રાખવો પસંદ કરે છે. મતભેદ થાય, પુત્ર/સંતાનો પોતાના કહ્યામાં ન રહે, ત્યારે વડીલોનો પ્રેમ અને સંબંધો કસોટીએ ચઢે છે. બહુ નજીકના ભવિષ્યમાં તેની શરૂઆત થવાની હતી.

૯૪ના અંતમાં, હું જ્યારે ઓએસિસમાં હજી માત્ર નિરીક્ષકની ભૂમિકામાં હતી ત્યારે, તેણે બીજું એક નીરક્ષીરને અલગ કરતું પગલું પોતાના 'ચૅન્જ એજ્યુકેશન' અભિયાનના ભાગરૂપે લીધું. ૧૯૯૩ના અંતમાં શરૂ કરાયેલું આ અભિયાન હવે અનામતની કસોટી પછી પાછું પોતાના મૂળ મુદ્દા તરફ—વડોદરાની મ. સ. યુનિવર્સિટી તરફ વળ્યું હતું. વાત એમ હતી કે અમારામાંથી મોટા ભાગનાં યુવક-યુવતીઓ ત્યારે મ. સ. યુનિવર્સિટીની જુદી જુદી ફૅકલ્ટીના વિદ્યાર્થીઓ હતા—મેડિકલ, એન્જિનિયરિંગ, બી. એસસી., બી. એ., ફાઇન આર્ટ્સ, કૉમર્સ, પર્ફૉર્મિંગ આર્ટ્સ—લગભગ તમામ શાખાના વિદ્યાર્થીઓ ઓએસિસમાં હતા અને અમને સૌને અમે જે વિશ્વવિખ્યાત યુનિવર્સિટીમાં અભ્યાસ કરતા હતા તેની વાસ્તવમાં દયાજનક સ્થિતિ ખબર હતી. અમારી યુનિવર્સિટીમાં તો ગુંડાતત્ત્વોનું રાજ હતું. આગળ જતાં રાજકારણી તરીકેની કારકિર્દી બનાવવા માટે યુનિવર્સિટી તો જાણે દાદાગીરીનો અખાડો બની ગઈ હતી. પરીક્ષાઓ મુલતવી રખાવવી, વર્ગો

બંધ કરાવવા, વિદ્યાર્થી-ચૂંટણીઓમાં બેફામ ખર્ચા કરવા બહુ સામાન્ય બાબત હતી. જ્યાં શિક્ષકોને પણ આ તત્ત્વોનો ખોફ હોય અને તે પણ ગણતરીના હિંમતવાન વિદ્યાર્થીઓનો સાથ આપવામાં અચકાતા હોય ત્યાં વિદ્યાર્થીઓ કોની સામે જુએ? ઓએસિસે આમ થતું અટકાવવાનું બીડું ઝડપી લીધું. પરીક્ષા મુલતવી રખાતી અટકાવવા—વર્ગો ચાલુ રખાવવા જરૂર પડ્યે ઓએસિસના યુવાનોએ હાથમાં હાથ પરોવી કિલ્લેબંધી પણ કરી અને એમ કરતાં પથ્થરમારો પણ સહ્યો—બે-ચાર જણ ઘાયલ પણ થયા—પણ પરીક્ષાઓ તો થઈ જ. એ પછી ઓએસિસે યુનિવર્સિટીમાં અભ્યાસ કરતા યુવામિત્રોને યુનિવર્સિટીની સ્ટુડન્ટ યુનિયન ચૂંટણીઓમાં ઊભા રહેવા પ્રોત્સાહન આપ્યું, તેમાંથી કેટલીક બહેનો જીતી. અમે યુનિવર્સિટીની ચૂંટણીઓ વખતે થતા બેફામ ખર્ચા અને શક્તિ-પ્રદર્શનનો વિરોધ શરૂઆતથી જ કરી રહ્યા હતા, એવામાં આ જ વાતોનો વિરોધ કરી, આચાર-સંહિતાનું ચુસ્ત પાલન કરાવવામાં આવે તેવી માંગ સાથે યુનિવર્સિટી ઑફિસ સામે એક વિદ્યાર્થિની ઉપવાસ પર ઊતરી. તેના સમર્થનમાં પેલી બે ચૂંટણી જીતેલી બહેનો પણ ઉપવાસ પર બેઠી. પાંચ દિવસ થયા, તેમના ઉપવાસનું કોઈ પરિણામ આવ્યું નહીં. એટલે તેમણે ઓએસિસને આગળ આવવા વિનંતી કરી. સાચા મુદ્દે ઉપવાસ પર બેઠેલી વિદ્યાર્થિનીઓને સાથ આપવામાં ઓએસિસનો યુવા મિજાજ કેવી રીતે પાછો પડે? એટલે ન્યાયની માગણી સાથે ઓએસિસના બે મિત્રો પણ ઉપવાસ પર ઊતર્યા. ખેર, યુનિવર્સિટીના સત્તાધિકારીઓએ અને અન્ય આગળ પડતા નાગરિકોએ ખાતરી આપ્યા બાદ, ઉપવાસ સાત દિવસ પછી પૂરા થયા. આમ



ઉપવાસ અને પારણાં: વિચારોને આચારમાં ઉતારવાની 'જોખમી' શરૂઆત

ચૂંટણીમાં સીધી રીતે અને ઉપવાસ કરીને નૈતિક રીતે પણ તેમને પડકારવાના કારણે પણ અમે મુખ્ય રાજકીય પક્ષોની વિદ્યાર્થીપાંખો—એન. એસ. યુ. આઈ. (કૉંગ્રેસ) અને એ.બી.વી.પી.(ભાજપ)ના યુવાનેતાઓને ખટક્યા. અત્યાર સુધી તેમને કોઈએ સંગઠિત ધોરણે પડકાર્યા નહોતા. દરમ્યાનમાં, અમારા એક હિતેચ્છુ સંજીવભાઈને સમજાવી રહ્યા હતા કે આ રીતે સામે પડવું વ્યાવહારિક નથી—એ આપણું કામ નથી... સંજીવભાઈ કહી રહ્યા હતા કે પણ આ જ સમય છે આપણા આદર્શોને આચારમાં ઉતારવાનો... આપણે જે માનીએ છીએ તે વિચારોને જીવવાનો. આ હિતેચ્છુ જેવા શાંતિપ્રિય લોકોને ઓએસિસનું આ પગલું પસંદ ન પડે તે સ્વાભાવિક હતું. બીજી તરફ, અમારી યુનિવર્સિટી અમારે મન તો નાનકડા દેશ સમાન જ હતી. આખા દેશની જેમ અહીં પણ વહીવટી તંત્રો હતાં, પદાધિકારીઓ હતા, ચૂંટણીવ્યવસ્થા હતી. અને આખા દેશની જેમ જ અહીં પણ મોટા ભાગના વિદ્યાર્થીઓ ઉદાસીન—જે જેમ થાય છે તેમ થવા દેનારા, કેટલાક તકસાધુઓ–રાજકારણીઓ જેવા ગાજીગાજીને વર્ચસ્ જમાવનારા અને ગણ્યાગાંઠ્યા

સાચી બાબતો માટે અવાજ ઉઠાવનારા હતા. જે આદર્શોને સેવતાં આવ્યા હોઈએ તેને જીવવાની, દેશ માટે કંઈક કરવાની ઘડી આવે ત્યારે પાછા કેમ પડાય? ઓએસિસ તો મચી પડ્યું હતું પીપલ્સ સિન્ડિકેટ ઊભી કરવા ને યુનિવર્સિટીનું ગૌરવ પાછું લાવવા કંઈક મોટાં આયોજનો ઘડવા...

દરમ્યાનમાં, મારી બારમા ધોરણની પરીક્ષા પૂરી થતાં જ, એપ્રિલ ૧૯૯૫થી હું પૂરો સમય ઓએસિસમાં કામ કરવા લાગી હતી. અને હવે આ યાત્રા અમારી સહિયારી બની ગઈ હતી.

## ફ્રેન્ડ્ઝ હોમ: ઓએસિસનું આંતરિક દર્પણ

A home is where they understand you. આ વાક્ય મોટા અક્ષરે ફ્રેન્ડ્ઝ હોમની દીવાલ પર ચોંટાડેલું હતું તથા બહાર 'રાજકારણીઓએ અહીં પ્રવેશવું નહીં (Dogs and Politicians are not allowed)' એવું બોર્ડ લગાડેલું હતું. વડોદરાના નિઝામપુરા વિસ્તારમાં આવેલું આ ઘર ૧૯૯૨થી અમારું પૂરા સમયનું સંયોજન સ્થળ અને કાર્યાલય હતું. તેની અંદરના દરેક ખંડને ઉપયોગ મુજબ અલગ અલગ નામ આપવામાં આવ્યું હતું—સ્વાગતકક્ષને 'ગુફ્તેગૂ', મૅનેજિંગ ટ્રસ્ટીના કામ કરવાના ખંડને 'આસ્થા', લાઇબ્રેરી તથા એકાઉન્ટના ખંડને 'રિફ્લેક્શન્સ', રસોડાને 'મેટામોરફોસિસ', સ્ટોરરૂમને 'એક્સપ્લોરેશન્સ', અન્ય એક ખંડને 'રણદ્વીપ' અને શાંતિથી કામ કરવા માટેના ખંડને 'રિનાન્સિયેશન' નામ આપ્યું હતું. ટૉઇલેટ અને બાથરૂમને સુધ્ધાં નામ હતું – 'ચિંતન' અને 'ફેન્ટસિઝ'! અને અગાશી-અગાશી અમારા માટે 'હેવન્સ' હતી!

અમારું જેટલું ઘડતર બહાર જે-તે પ્રવૃત્તિઓ કરતાં થતું હતું તેટલું જ કે તેથી વધુ ઘડતર અહીં ફ્રેન્ડ્ઝ હોમમાં થતું હતું. મેં પહેલી વાર ફ્રેન્ડ્ઝ હોમમાં પગ મૂક્યો ત્યારથી મેં હંમેશાં અહીં મિત્રોને કોઈક ને કોઈક કામમાં ગૂંથાયેલા જોયા છે. ગપ્પાં મારવા કે ઠઠ્ઠા-મશ્કરી કરવા માટે અહીં આવવાનો વિચાર જ કોઈને ન આવે. અને છતાં અહીં આવવાનું સૌને ગમે. કંઈ કામ ન હોય તો કોઈને મદદરૂપ થવા. પણ મોટા ભાગે દરેક પાસે કોઈ ને કોઈ કામ હોય જ. સવારથી રાત સુધી ફ્રેન્ડ્ઝ હોમ અત્યંત જીવંત રહેતું.

પણ ફ્રેન્ડ્ઝ હોમ ઓએસિસનું સંયોજન સ્થળ કે કાર્યાલય માત્ર નહોતું. અમારા સૌ માટે મિત્રતાના આદર્શનું આગવું મહત્ત્વ હતું. જેમ થ્રી મસ્કેટિયર્સમાં મિત્રોનું સૂત્ર હતું One for all and all for one, તેમ અમારું મિત્રતાનું સૂત્ર થોડું લાંબું હતું—Love is God. In the temple of our Friendship, Let our Life be our prayer. ભલભલા બુદ્ધિજીવીઓ સાથે કામ કરવાનું આવે ત્યારે બાખડી પડે છે. જો અમારે કંઈક મોટું કરવું હોય, સાથે કરવું હોય તો તે મજબૂત મિત્રતાના જોરે જ શક્ય બને. તેના માટે સહજીવનથી વધુ સારું શું હોઈ શકે? એટલે ફ્રેન્ડ્ઝ હોમમાં ૫–૭ મિત્રો કાયમી ધોરણે અને બીજા મિત્રો અઠવાડિયાના ચોક્કસ દિવસે સાથે રહેતા હતા, જેમ કે હું દર બુધ-ગુરુવારે ફ્રેન્ડ્ઝ હોમમાં રોકાતી. અમે અમારા સહજીવનના પ્રયોગ પ્રત્યે સભાન હતાં અને તે સહેલો નહીં હોય તેની અમને જાણ હતી. આપણે મૅરેજ-બ્યૂરો ખોલવા નથી ભેગા થયા, સમાજ માટે-દેશ માટે કામ કરવા ભેગા થયા છીએ એવી તીવ્ર ભાવના અને દિલોદિમાગથી કશાકમાં ને કશાકમાં ખૂંપેલા હોવાના કારણે અમારી વચ્ચેના સંબંધોમાં નિર્દોષતા અને મૈત્રીનું વર્ચસ્ જળવાઈ રહેતું. યુવાનોની ઊર્જાને રચનાત્મક માર્ગે વાળવી—એ શબ્દપ્રયોગ અહીં જીવંત રૂપ પામતો.

ફ્રેન્ડ્ઝ હોમમાં સાફસફાઈ, વાસણ માંજવાં, રસોઈ, ખરીદી એવાં તમામ રોજિંદાં કામો મિત્રો જાતે કરતા. તેમાં ભાઈ કે બહેનનો કોઈ ભેદ નહીં. મિત્રોને કામ વહેંચાયલાં હોય—ભાઈઓના ભાગે રસોઈ કે વાસણ માંજવાનાં કામ હોય તેમાં કશું જ અજુગતું નહોતું અને તમામ મિત્રો પ્રેમ અને જવાબદારીપૂર્વક, શ્રેષ્ઠતાના અભિગમથી તે કરતા પણ ખરા. ઘરે

કદી ન કર્યાં હોય તેવાં કામો અહીં કરવામાં અમને કોઈને કશું નડતું નહોતું. તેનું કારણ કદાચ અહીંનું આદર્શોનું, મિત્રતાભર્યું વાતાવરણ હોઈ શકે.

અલબત્ત, મિત્રતા સામે પડકારો પણ હતા સ્તો. વધુ પડતી ટીકા થઈ જવી, કડવાશ આવવી, ઈર્ષા થવી, અહં ટકારાવા કે વિજાતીય આકર્ષણ થવું—એવું બધું જ અમારી વચ્ચે થતું. પણ ધ્યેય પ્રત્યેની નિષ્ઠા અને મિત્રતાના આદર્શને પામવાની તીવ્ર ઇચ્છાના કારણે વાત સભાનતાના સ્તર પર આવતી અને અમે તવાઈ તવાઈને વધુ શુદ્ધ થતાં. અહીં સહજ વૃત્તિઓ અને માનવીય નબળાઈઓનો સ્વીકાર હતો—ન તો તેને વધુ પડતું મહત્ત્વ આપવામાં આવતું હતું અને ન તો તેને તિરસ્કારાતી હતી. પરિણામે જે-તે બાબત, જે-તે સ્થાને જ રહેતી, ને 'આપણે સમાજને કંઈક આપવા ભેગાં થયાં છીએ'ની ભાવના અને સતત પ્રવૃત્તિઓ મનને વૃત્તિઓ પર ભમ્યા કરવા દેતી નહીં. ઉદાહરણ તરીકે, મારાં શરૂઆતનાં વર્ષોમાં, મને અમારામાંના એક મિત્ર પ્રત્યે ભારે ખેંચાણ થયું. મંત્રમુગ્ધ કિશોરીની જેમ મારી આંખોમાં અને દરેક કાર્યમાં તે ડોકાતું. અને બાકીના સમજદાર મિત્રો તે જોઈ પણ શકતા. એ વખતે મને કોઈએ ઝાટકી ન કાઢી. સહજતાપૂર્વક અને હું કોશેટામાં ન જતી રહું તે રીતે સંજીવભાઈ માત્ર એ બાબતને મારી સભાનતામાં લાવ્યા. પણ ભરોસો પૂરેપૂરો રાખ્યો, ક્યાંય સાથે કામ કરવાની મારી નાની નાની પસંદગીઓ પર જાપ્તો ન રાખવામાં આવ્યો. પરિણામે, હું પોતે સમજપૂર્વક તેને ઓળંગી જઈ શકી.

આ મિત્રોનું ઘર ખાલી મિત્રોને જ વહાલું હતું તેવું નહોતું. અમારામાંથી કેટલાંકનાં ખુલ્લાં દિલવાળાં માતાપિતા સુધ્ધાં અહીં ક્યારેક રોકાવા માટે આવતાં. વખતોવખત કેટલાક મહેમાનો પણ અહીં રહેવાનું પસંદ કરતા. તે વખતે ભ્રષ્ટાચાર સામે બુલંદ અવાજ ઉઠાવનારા મુંબઈના મ્યુનિસિપલ કમિશનર, જી. આર. ખૈરનાર જ્યારે ઓએસિસના ભ્રષ્ટાચાર-વિરોધી કાર્યક્રમમાં આવ્યા હતા ત્યારે તેમણે હોટેલને બદલે ફ્રેન્ડ્ઝ હોમમાં રોકાવું પસંદ કર્યું હતું. જોકે સામાજિક દૃષ્ટિએ આ પ્રયોગ સામે પહેલો વાંધો ૧૯૯૬માં 'ઇન્ટરનૅશનલ યૂથ કાઉન્સિલ'ના નવનીત દવે અને તેના અન્ય કેટલાક ટ્રસ્ટીઓએ લીધો. ઓએસિસના 'હિતેચ્છુ' તરીકે તેઓ અમને સમજાવવા આવ્યા હતા. તેમને આ પ્રયોગ બરાબર લાગતો નહોતો. ઓએસિસના મિત્રોએ તો તેમની સાથે ખુલ્લા દિલે વાત કરી અને ધરપત આપી કે "કોઈ પણ હિતેચ્છુ અડધી રાતે પણ તપાસ કરવા આવી શકે છે, ફ્રેન્ડ્ઝ હોમના દરવાજા ખુલ્લા છે. પણ અમે તો આ પ્રયોગ આગળ ધપાવવા માગીએ છીએ—આશ્રમ બનાવવા માગીએ છીએ!" ગાંધી અને ટૉલ્સ્ટૉયના પગલે ચાલી, રોજિંદાં કાર્યોમાં શ્રમ, સ્વાવલંબન અને મૈત્રીપૂર્ણ સહજીવનના સિદ્ધાન્તોને મૂર્તિમંત રૂપ આપતા યુવાઆશ્રમની અમારી સમજણ અમે તેમને જણાવી—પણ ન તે અમને અમારી સમજણ સંદર્ભે કોઈ પ્રશ્ન કરી શક્યા ન અમારી વાત સ્વીકારી શક્યા. એવું લાગ્યું જાણે તે તેઓ કોઈ સંદેશાવાહકની જેમ, માત્ર સંદેશો કહેવા જ આવ્યા હોય... અમે ફ્રેન્ડ્ઝ હોમ બંધ કરી દઈએ એવી તેમની ઇચ્છા તો અમે કલ્પનામાં પણ કેવી રીતે માની શકીએ? એ દિવસે તો બંને તરફ અસંતોષ સાથે વાત પૂરી થઈ. સહજીવન બાબતેનો આ વાંધો કેટલું વરવું

"કોઈ પણ હિતેચ્છુ અડધી રાતે પણ તપાસ કરવા આવી શકે છે, ફ્રેન્ડ્ઝ હોમના દરવાજા ખુલ્લા છે. પણ અમે તો આ પ્રયોગ આગળ ધપાવવા માગીએ છીએ."

અને કેટલું મોટું રૂપ લેશે એ તો અમને સમય જ કહેવાનો હતો.

તે દિવસે અમને મળવા આવનારાઓમાં આચાર્યો અને શિક્ષકો હતા, જે યુવાનોને સાંભળવા જ માગતા નહોતા. તેમને મન આશ્રમ એટલે દૂષણોનું જ સ્થાન બની બેઠું હતું. આવો ને આટલો હઠીલો પૂર્વગ્રહ? શું તેમને યુવક-યુવતીઓના સંબંધના એક પરિમાણ સિવાય કશું જ દેખાતું નહીં હોય? અમે ત્યારે અને આજે પણ, માનવીય નબળાઈઓથી પર હોવાનો દાવો કરતા નથી—પ્રામાણિક ભૂલો થઈ પણ શકે, તેથી શું આદર્શ તરફ દૃષ્ટિ રાખી પ્રયોગ કરવાનો અધિકાર ન હોય? અમારાં કેટલાંક ખુલ્લાં દિલવાળાં માતાપિતા, અન્ય મહેમાનો જે અનુભવી શક્યાં તે અમારા હિતેચ્છુ હોવાનો અને પોતાને કેળવણીકારો કહેનારા કેમ ન અનુભવી શક્યા?—આવા ઘણા ઘણા પ્રશ્નો અમને થયા... યુવાનો પર વિશ્વાસ રાખવાની વાતો કરવી અને વિશ્વાસ રાખવો એ બે જુદી વસ્તુ છે એ અમને સમજાયું. ખેર, અમને તો અમારા આ પ્રયોગમાં જબરજસ્ત વિશ્વાસ હતો અને આજે પણ છે.

આ પ્રસંગ આવ્યો અને ગયો. ફ્રેન્ડ્ઝ હોમ ખીલતું ગયું. પ્રવૃત્તિઓથી ધમધમતું રહ્યું. એકબીજાની મુશ્કેલીઓ સંવેદવી, કાળજી લેવી જેવી અંગત બાબતો હોય કે પછી સ્વચ્છતા, વ્યવસ્થા જાળવવી, વેળાસર કામો પૂરાં કરવા જેવી સામૂહિક બાબતો હોય—અહીં બધા જ શીખનારા અને શિખવાડનારા હતા. સંજીવભાઈ પ્રત્યે અમને સૌને સો ટકા વધુ માન, વધુ પ્રેમ હતો. પણ તમે કોઈ પણ મિત્રને પૂછો, દરેકનું હૃદય એ વાતાવરણ માટે બીજા કેટલાય મિત્રોનો આભાર માનશે. જાણે પાણીમાં કાંકરો નાખીએ અને વલયો ફેલાતાં જાય તેમ અહીં મૈત્રી અને આદર્શોનાં વલયો આપોઆપ ફેલાતાં જતાં હતાં!

આમ, ૧૯૯૨થી ૧૯૯૮ સુધીનાં વર્ષોના સરવાળે ફ્રેન્ડ્ઝ હોમના નિમિત્તે અમારા સૌ મિત્રો વચ્ચે એવી આત્મીયતા કેળવાઈ જે અમારા સૌ માટે બીજા કોઈ પણ ખજાના કરતાં વધુ મૂલ્યવાન છે, જીવનભરની મીઠી મધુરી યાદોનું અમૂલ્ય ભાથું છે.

અને શું દિવસો હતા એ! સવારના પાંચ-સાડા પાંચથી રાતના દસ-અગિયાર સુધી અમે કશાક ને કશાકમાં મચેલાં રહેતાં અને તોય થાકતાં નહીં.

ઓએસિસે ખૂબ મોટું ધ્યેય રાખ્યું હતું—ભારત દેશના નવસર્જન માટે મથવું. માણસના ઘડતર અને નેતૃત્વઘડતર થકી જ આ થઈ શકે એવું અમારું માનવું છે. એટલે ઓએસિસમાં પ્રવૃત્તિઓ અનેક થતી, પણ તેના કેન્દ્રસ્થાને ચારિત્ર્ય-ઘડતર અને નેતૃત્વ-ઘડતર રહેતાં. હંમેશાં રાહતકાર્યો કરતાં કેળવણીલક્ષી કાર્યો પર વધુ ભાર મુકાતો.

૧૯૯૪–૯૫માં ઓએસિસે જી. આર. ખૈરનાર અને ટી. એન. શેષન જેવી ભ્રષ્ટાચાર સામે બુલંદ અવાજ ઉઠાવનારી હસ્તીઓને વડોદરામાં આમંત્રી. દરેક વખતે બે-ત્રણ કલાકના કાર્યક્રમ નહીં, પરંતુ સમાજના વિવિધ વર્ગો માટે એક પછી એક જડબેસલાક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું, શેષને એક દિવસ આપ્યો હોય તો એક આખો દિવસ અને ખૈરનારે ત્રણ દિવસ આપ્યા હોય તો પૂરા આયોજન સાથે ત્રણ દિવસ ભરચક કાર્યક્રમો ગોઠવવામાં આવ્યા. આવા જ



ખૈરનાર સાથે સંજીવ શાહ (ચશ્માવાળા) : લોકજાગૃતિની ચિનગારી

એક કાર્યક્રમમાં ઓએસિસે નાગરિકોની ચેતના સંકોરવા માટે ખૈરનારના હાથે 'લોકચેતના જાગૃતિ આંદોલન'ની મશાલ પેટાવી. આગળ જતાં આ આંદોલન હેઠળ ઓએસિસે ઘણા ક્રાંતિકારી પ્રયાસો કર્યા.

દરમ્યાનમાં, મારા ઘરેથી પણ વિરોધનું રણશિંગું ફૂંકાઈ ગયું. બન્યું એવું કે હું આ કાર્યક્રમો માટેની તૈયારીઓનાં કામોમાં જબરજસ્ત ઓતપ્રોત થઈ ગઈ હતી. સવારથી મોડી રાત સુધી મને બીજું કંઈ સૂઝતું નહોતું. સંતાનને જે ગમતું હોય તે આર્થિક વળતર કે પ્રતિષ્ઠાની દૃષ્ટિએ તરત ફાયદાકારક ન હોય તો વડીલોને એ કઠવા માંડે છે અને તેઓ ભાગ્યેજ એને શું ગમે છે તે કે તે કેટલું એના ભલામાં છે તે બાબતે કોઈ રસ લે છે. મારા કિસ્સામાં શરૂઆતમાં આમ જ બન્યું. બરાબર ખૈરનારના કાર્યક્રમના બીજા દિવસે, બાપુએ ફરમાવી દીધું કે આજે જવું હોય તો પાછી ન આવતી. તેમણે સંજીવભાઈને ફોન પણ કરી દીધો. એ વખતે તો હું નીકળી ગઈ પણ મને અંદર ભારે મુઝારો થયો. સંજીવભાઈએ અત્યંત વ્યસ્ત હોવા છતાં સંદેશો કહેવડાવ્યો કે બને તો કાર્યક્રમ પછી પાછી ઘરે જજે, આપણે પછીથી વાત કરીશું. મને એ દિવસ બહુ વસમો લાગ્યો.

અમારામાંથી લગભગ દરેક મિત્રને ઘરમાંથી વિરોધનો સામનો કરવો જ પડ્યો છે. કોઈને વધુ તો કોઈને ઓછો. પપ્પા પાછળથી સંજીવભાઈને મળ્યા, અને તેમને તેમની પર વિશ્વાસ પડ્યો. મારી ખામીઓ માટેનો વિરોધ તો એવો જ રહ્યો, પણ સંજીવભાઈ માટે તેમના મનમાં જે માન ઊભું થયું તેના કારણે મારો રસ્તો થોડો સરળ બન્યો.

૧૯૯૬નું વર્ષ મારા ઉપરાંત ઓએસિસ માટે પણ વિરોધનાં વાદળો લઈ આવ્યું હતું.

## ૧૯૯૬નો વિવાદ: જે પોષતું તે મારતું?

ઘટનાક્રમ કંઈક આવો હતો—જુલાઈ મહિનામાં ઓએસિસથી જેમને સીધી તકલીફ પડી હતી તેવા રાજકીય પક્ષોની યુવાપાંખના નેતાઓએ સમાચારપત્રોમાં ઓએસિસ વિરુદ્ધ નિવેદનો આપવા શરૂ કર્યાં- ઓએસિસ બેફામ ખર્ચા કરે છે, મ. સ. યુનિવર્સિટીના નામે કરોડો રૂપિયા ઉઘરાવાય છે, સંસ્થા આદર્શની માત્ર વાતો જ કરે છે, ઓએસિસના પ્રવાસોમાં નૈતિકતાનું અધઃપતન થાય છે, યુવક-યુવતીઓનો ભેગો રાતવાસો... બુદ્ધિજીવીઓ ઓએસિસને છોડીને જઈ રહ્યા છે... મજાની વાત એ હતી કે આ એ જ નેતાઓ હતા જે યુનિવર્સિટીને ગુંડાગીરીનો અખાડો સમજતા હતા, એની ચૂંટણીમાં હાથીઘોડા લાવતા હતા ને આખી યુનિવર્સિટીને ચૂંટણીસૂત્રોથી રંગી નાખતા હતા... ચૂંટણીઓ જીતવા બેફામ ખર્ચા કરતા હતા!

આ યુવાનેતાઓના ધમપછાડા તો અમે સમજી શકતા હતા. પણ પછી ઇન્ટરનૅશનલ યૂથ કાઉન્સિલના કેટલાક કાર્યકર્તાઓ આગળ આવ્યા મીડિયામાં નિવેદન આપવા... વિચારભેદ હોય તે તો સમજી શકાય પણ આક્ષેપબાજી? તે પણ હલકી ભાષામાં? આપણા દેશમાં જાહેર જીવનમાં હોવું એટલે શું તેનો એ અમારો પહેલો અનુભવ. તમે તમારી જાતને નિર્દોષ ન પુરવાર કરો ત્યાં સુધી તમે ગુનેગાર છો એવું ઠસાવતા મીડિયાના એકતરફી અભિયાનનો ત્યારે અમને પહેલવહેલો પરચો મળ્યો. ગમે તે ભાષામાં, આક્ષેપો જેમતેમ છપાઈ જતા હતા—ખરાઈ કરવાની કોઈને જરૂર લાગતી નહોતી. આ બધામાં કંઈક શિષ્ટતાની અમારી અપેક્ષા વધુ પડતી હતી એ અમને સમજાયું પણ ખરો આઘાત ત્યારે લાગ્યો જ્યારે ગુણવંત શાહે છેક છેલ્લે અતિશય લાગણીભર્યા નિવેદન સાથે આખા વિવાદમાં ઝંપલાવ્યું—"ઓએસિસ નામના દુઃસ્વપ્નને હું ભૂલવા માગું છું, મને મારા નિજાનંદમાં ડૂબકી મારવાની છૂટ હોવી જોઈએ... ઓએસિસના બેફામ ખર્ચનું નૈતિક ઑડિટ થવું જોઈએ... ઓએસિસને સમર્પિત છોકરીઓનાં માબાપ લાચાર છે... વ્યક્તિપૂજા વધી પડી છે... પ્રવાસનાં અનિષ્ટોની તો વાત જ કરવા જેવી નથી... જે વાતો પ્રગટ નથી કરી તે પ્રગટ કરવા જેવી નથી..." નિષ્પક્ષ તપાસ થાય ત્યાં

સુધી સૌને મૌન રહેવાની સલાહ આપીને ગુણવંતભાઈ ઘણું ઘણું કહી ગયા.

આ સમગ્ર ગાળા દરમ્યાન અમને ઘણા યુવાન/વડીલ મિત્રો કહેતા કે ઓએસિસને બદનામ કરવા પાછળ ગુણવંતભાઈનો હાથ છે. તેમના ઘરે છાની બેઠકો ભરાય છે ને તેમાં "કોઈને નેસ્તનાબૂદ કરવું છે તો તેને છાપે ચઢાવો..." જેવી વાતો થાય છે—અમારા સુધી પહોંચતી આ બાતમીઓને અમે બેફામ અફવાઓ માની તેની તરફ કોઈ ધ્યાન આપ્યું નહીં. મતભેદ છે, તેથી કંઈ આ કક્ષાની વ્યક્તિ આવું થોડું કરે—એવું અમે માનતા... ત્યાં તેમનું નિવેદન પ્રગટ થયું. તેમનું નિવેદન વાંચીને ઓએસિસના ઘણા બધા શુભેચ્છકોએ અમને ચિંતા ન કરવા જણાવ્યું. કોઈકે તો ત્યાં સુધી કહ્યું કે ચાલો, આજે તમારો ગુણવંત શાહથી મોક્ષ થઈ ગયો; જોકે અમારી આંતરિક સ્થિતિ એવી નહોતી.

ખેર! તેમનું આખું નિવેદન ક્રિટિકલી વાંચીએ ત્યારે જ તેમણે કેવી ચાલાકીથી ઓએસિસ પર કોઈ રીતે પ્રહાર કરવાનું બાકી નહોતું રાખ્યું તે સમજાય. આવો પ્રહાર જ્યારે આપણી પરિચિત, સ્વજન જેવી વ્યક્તિ તરફથી થાય ત્યારે વિશ્વાસઘાતની લાગણી ન અનુભવાય તેવું તો કેવી રીતે બને? ઓએસિસમાં આવ્યે મને એક-દોઢ વર્ષ જેટલો જ સમય થયો હતો ત્યારે. પણ ઓએસિસને હું દિવસ-રાત અનુભવતી હતી. મને ધરાર લાગી આવ્યું કે જે ફ્રેન્ડ્ઝ હોમ, જે ઓએસિસને હું આટલું નજીકથી જાણું છું, અનુભવું છું તેનાથી આ વાત કેટલી વેગળી છે—પોતાની લેખની અને લોકપ્રિયતાનો આવો ઉપયોગ? માત્ર કોઈની પાસેથી સાંભળેલી બાબતો પરથી આટલું મોટું જજમૅન્ટ આપી શકાય? આપવું જોઈએ?

તેમણે પોતાનો અંગત દ્વેષ ઉતારવા માટે પોતાની લેખની અને લોકપ્રિયતાને વટાવી હતી. બાકી જ્યારે ઓએસિસ પર વામણા રાજકારણીઓ એકદમ ધડમાથા વગરના પ્રહારો કરતા હતા ત્યારે જ તેમણે કેમ નિવેદન આપવું પડ્યું? કેળવણીકાર હતા તો તેઓ પોતે શું કરી રહ્યા છે તે વિશે તેઓ સભાન નહીં હોય? આવા મોટા, આધ્યાત્મિક પુસ્તકોના લેખક આવી હદે ઊતરી શકે?—આ બધા પ્રશ્નો અમારા મનમાં ઊઠ્યા ને વર્ષો સુધી ભમતા રહ્યા, પણ અમને આક્ષેપોની આ આયોજનબદ્ધ હારમાળા અંગે અને તેમાં શિરમોર ગુણવંત શાહના અંતિમ નિવેદન અંગે પ્રેસમાં કોઈ ખુલાસો આપવા જેવું લાગ્યું નહીં. કોઈને હાનિ પહોંચાડવી હોય તો પૈસાના ગોટાળા અને ચારિત્ર્ય સંબંધી આક્ષેપો કરવા એ સૌથી સહેલું હથિયાર છે. એટલે આક્ષેપો અને તેની ભાષાથી લોહી ઊકળી આવે તો પણ ઓએસિસે તેની તરફ ધ્યાન આપ્યા વિના પોતાનું કામ ચાલુ રાખ્યું; અલબત્ત, ઓએસિસ આટલી ઠંડક રાખી શક્યું તેની પાછળ તેણે અત્યાર સુધી જાળવેલી પારદર્શિતા હતી અને 'જેવી દૃષ્ટિ તેવી સૃષ્ટિ'ની થોડી સમજ પણ હતી.

આજ સુધી મેં એવું બીજું એક પણ સંગઠન નથી જોયું જે આટલી હદે પોતાના કામ અંગે, પોતાના પ્રયોગો અંગે, પોતાની મથામણો અને સ્વપ્નો અંગે શુભેચ્છકો સાથે આટલી સાતત્યપૂર્ણ રીતે કમ્યુનિકેશન રાખતું હોય (ત્યારે ફેસબુક કે વૉટ્સઅપનો જમાનો નહોતો). સંસ્થા તરીકે નોંધાયાના પ્રથમ વર્ષે જ ઓએસિસે પોતાનું માસિક મુખપત્ર 'ઍલાઇવ' શરૂ કર્યું હતું. આ ઍલાઇવ તેના નાના-મોટા દરેક દાતા પાસે, દરેક શુભેચ્છક પાસે પહોંચતું. અને ઍલાઇવમાં હંમેશાં દરેક મુદ્દે નિખાલસ આલેખન હોય—આમ કરવા પાછળની દૃષ્ટિ શું છે, હાલ શું ચાલી રહ્યું છે, આંતરિક રીતે ઓએસિસ ક્યાં છે, વગેરે. ઍલાઇવ અમારા અને શુભેચ્છકો વચ્ચેની વિશ્વાસની ડોર હતી. અમે શું કરી રહ્યા છીએ તેનાથી તેઓ સુપેરે પરિચિત હતા. છતાં ઓએસિસ તેના દરેક દાતા અને તેના કામમાં રસ લેતા દરેક શુભેચ્છકને જવાબદાર હતું, એટલે તેમને સૌને દરેકેદરેક આક્ષેપનો વિગતવાર ખુલાસો આપવામાં આવ્યો. ઍલાઇવના વિશેષાંક થકી સ્તો. તેનું હેડિંગ હતું—શું ઓએસિસ હવે બંધ થઈ જશે? જે સંસ્થા વખાણથી ન ચાલતી હોય તે આક્ષેપોથી બંધ ન થાય.

અમે ભલે ગમે એટલા દુભાયા હતા ગુણવંતભાઈથી, પણ એટલી જાગૃતિ હતી કે આ એક નિવેદનના કારણે, તેમણે શરૂઆતમાં આપણી પર જે સ્નેહ વરસાવ્યો'તો, જેટલું પ્રોત્સાહન આપ્યું હતું તેનો છેદ નથી ઊડી જતો. આપણે જમા શું રાખવું છે તે તો આપણે જ નક્કી કરવાનું હોય ને?—એવો પ્રશ્ન અમે જાતને પૂછી શકતા હતા.

આમ ૧૯૯૬ના વિવાદથી અમે વધુ મજબૂત અને સ્પષ્ટ બન્યાં. અમે તો આગળ વધવા થનગનતાં જ હતાં—ફરીથી એક નવો પ્રયોગ શરૂ થયો. પણ હારેલા બમણા જોરથી લડે એ ઉક્તિ મુજબ ભવિષ્યમાં આક્ષેપોનું મોટું વાવાઝોડું અમારી રાહ જોઈ રહ્યું હતું. ભવિષ્યમાં આ જ મુદ્દાઓ, આક્ષેપો અમારી સામે ફરીથી આવવાના હતા—અને તે પણ વિરાટ સ્વરૂપમાં—તેનાથી અમે અજાણ હતાં.

## ઓએસિસ કેમ 'ઓએસિસ' હતું?

દિવસે ને દિવસે મારું હૃદય ઓએસિસમાં વધુ ને વધુ પરોવાતું જતું હતું. આ કે બીજા ગમે તેટલા આક્ષેપો હલાવી ન શકે એવો વિશ્વાસ પેદા થવાનું કારણ હતું મેં અહીં અનુભવેલી કેટલીક વિશિષ્ટતાઓ. અમે બધાં ગાંધીયુગમાં નહોતાં જન્મ્યાં, પણ અહીં અમને આદર્શોની એવી જ તીવ્રતા અનુભવાતી હતી—સમાજને કંઈક પાછું વાળવાની—પોતાની પાસેનું શ્રેષ્ઠ આપવાની ભાવનાવાળા તેના ધ્યેયની વાત હોય કે પછી તેના નિર્ભીક મિજાજની વાત હોય. યુવાનોમાં ઓએસિસની લોકપ્રિયતા એ દર્શાવતી હતી કે જો યુવાનોને પસંદગી મળે તો તે હિંમતનાં ખોખલાં સ્વરૂપો (પાન-પડીકી દબાવી દાદાગીરી કરતા દાદાઓ) કરતાં આદર્શોના રંગે રંગાયેલી હિંમતને જ પસંદ કરે.

મારું માનવું છે કે જો મન પૂર્વગ્રહયુક્ત ન હોય તો બહુ આસાનીથી નક્કી થઈ શકે એમ હતું કે આ યુવાનોની નીયતમાં ખોટ છે કે નહીં—પછી એ જે કામ ઉપાડ્યું છે તેની વાત હોય કે તેના પ્રયોગોની. ઉદાહરણ તરીકે, ૧૯૯૬ના વિવાદ પછી ઓએસિસે પોતાના શુભેચ્છકોને લેખિતમાં એવું પૂછ્યું હતું કે—ધારો કે અમારા સહજીવનના પ્રયોગ સાથે તમે સંમત થયા હો, અને કદાચ અમારામાંથી કોઈની ગંભીર ભૂલ થઈ જાય તો સાચી દિશામાંના એક નિષ્ઠાવાન પ્રયોગને તમે માત્ર એ જ કારણસર વખોડી નાખશો?—અથવા ધારો કે તમે આ પ્રયોગ બાબતે અમારી સાથે અસંમત છો, અને ઓએસિસ પૂરેપૂરી જવાબદારી સાથે આવા અરૂઢિગત પ્રયોગો કરવા કૃતનિશ્ચયી જ હોય તો તમે ઓએસિસ બંધ જ થઈ જાય તેમ ઇચ્છશો? જેની નીયતમાં ખોટ હોય તે આવા પ્રશ્નો બેધડક પૂછી શકે ખરું?

બીજું, ઓએસિસમાં કામ કરવું-ટકવું અઘરું હતું, કારણ કે અહીં સખત મહેનતની અને દરેકેદરેક બાબતમાં મૂલ્યો સાથે કામ કરવાની અપેક્ષા રાખવામાં આવતી. કોઈ છૂપા ઇરાદા સાથે બહુ લાંબો સમય અહીં ટકવું શક્ય જ બની શકે તેમ નહોતું. અહીં ટ્રસ્ટી એ જ બની શકતા જે પૂરો સમય આપવા તૈયાર હોય અને કોઈ પણ કક્ષાએ સંપૂર્ણ જવાબદારી ઉઠાવવા યોગ્ય હોય. કોઈને અહીં સખત મહેનત અને શોષણ વચ્ચે ગેરસમજ થઈ શકે—પણ શોષણ હોય ત્યાં શરીર અને મન બંને નંખાઈ જાય-પડી ભાંગે, જ્યારે માણસ સખત મહેનત કરતું હોય તો ક્યારેક તેનું શરીર થાકથી જવાબ દઈ જાય પણ તેને અંદર ઘસાઈને ઊજળા થયાની લાગણી થતી હોય. અમે જે કામ કરતાં તેનાથી અમારું ઘડતર થતું હતું, કંઈક આપવાની સાથે અમે ઘણું ઘણું પામતા હતા. દરેકને સતત નવી નવી આંતરિક મર્યાદાઓ (લિમિટેશન) સર કર્યાનો અહેસાસ થતો રહેતો હતો.

છેલ્લે, ઓએસિસની જે વિશિષ્ટતાને હું સૌથી વધુ ગુણ આપવાનું પસંદ કરું તે—અહીં મિત્રો ઓઝપાઈ ગયા વિના પોતાની ભૂલોની વાત કરી શકતા હતા, કરી શકે છે. શરૂઆતથી જ મેં અનુભવ્યું હતું કે અહીં સૌથી પહેલાં તો ભૂલો કરવાની મોકળાશ મળે

છે. ક્રોધ, ઈર્ષા, અહંકાર, મમત્વ જેવી માનવસહજ બાબતો હોય કે પછી પૂરતું વિચાર્યું ન હોય તેથી થતી, કાર્યક્ષમતાને લગતી ભૂલચૂક હોય—અહીં એવું જડબેસલાક નિયંત્રિત વાતાવરણ નહોતું કે તેને અવકાશ જ ન રહે, બલકે એવા વિશ્વાસનું વાતાવરણ હતું કે તે સપાટી પર આવી શકે. અને પછી આ ભૂલોને અમે ઓઝપાઈ ગયા વિના સ્વીકારી શકતાં હતાં—તેનાથી આપોઆપ જ શીખવા-સુધારવા તરફ આગળ વધી શકાતું હતું. હું શરૂ શરૂમાં ઑફિસમાં ફાઇલિંગ સિસ્ટમ સંભાળતી હતી ત્યારથી લઈને પુસ્તકપ્રકાશનનું કામ કરતી થઈ ત્યાં સુધી ઓએસિસની આ ખાસિયત મેં અસંખ્ય વાર અનુભવી છે. મને લાગે છે કે પછી ધીમે ધીમે આ સરળતા મિત્રોના વ્યક્તિત્વનો એક હિસ્સો બની ગઈ.

આ થયું ઓએસિસનું જમાપાસું. ઉધારપાસાની વાત કરું તો બૌદ્ધિક રીતે સમજાવા છતાં દરેક વ્યક્તિ, દરેક વખતે જે-તે બાબતને પચાવી શકે, કે જીવી શકે એવું ન પણ બને. પરિણામે અમારી વચ્ચે અનેક ઘર્ષણો થતાં, ક્યાંક સ્વજનો સાથે વર્તણૂકમાં ચૂક થાય એવું બનતું. ઉત્કૃષ્ટતાનો આગ્રહ ક્યારેક અમને વધુ પડતા ચીકણામાં ખપાવી દે એવું પણ બનતું.

અંગત રીતે, ઓએસિસ મારું આંતરિક અને બાહ્ય ફલક વિસ્તારતું જતું હતું. અનેક પુસ્તકો, હસ્તીઓના પરિચયમાં આવવાથી અને વધુ તો સ્પર્શી હોય તેવી બાબતો જીવનમાં ઉતારવાની કોશિશ કરવાથી અમે સહુ મિત્રો પોતપોતાના અંતરમાં ઊંડાં ઊતરતા જતા હતા અને સાથે ઘણી બધી નવી વસ્તુઓ જાણતા પણ જતા હતા. ઓએસિસની આ જ બાબત તેને સ્વ-વિકાસની ઉપરછલ્લી વાતો કરનારા અન્ય સંગઠનોથી જુદું પાડે છે. અહીં સારા વિચારો કે સુવાક્યોની સુષ્ઠુ સુષ્ઠુ ચર્ચા નહીં, પણ જીવન સાથે જોડાયેલી ઉત્કટ ચર્ચા થતી. આપણે સારા વિચારોને પોતાના જીવન સાપેક્ષે સમજવાના છે, તેનો ટોણા મારવા કે જ્યાંત્યાં કહી-સંભળાવી ફુલાવા માટે ઉપયોગ કરવાનો નથી એ બાબતે અમે સભાન હતાં. પરિણામે તે અમને પોતાની જાતને જોવા-મૂલવવા-સુધારવા માર્ગદર્શક બનતા. જેમ કે, એક વાક્ય હતું કે "દરેક જણ તેની જગ્યાએ સાચું હોય છે." આ વાક્ય જેમ જેમ મારી અંદર ઘૂંટાતું ગયું તેમ તેમ મારા પૂર્વગ્રહો તૂટતા ગયા, પોતાના મતને વળગી રહેવાની મમત તૂટી. કશું કહ્યા વિના, કોઈ ચર્ચા વિના મને જાતે જ મારા પપ્પા અને બહેનને અલગ રીતે જોવાનું મન થયું. મારા મનમાં વર્ષોથી ધરબાયેલાં જે દુર્ભાવો હતા, તે ખરવા માંડ્યા. આ સફરમાં મને બીજી એક રીતે પણ સંજીવભાઈ તરફથી મદદ મળી. મારા સ્વજનો સાથેના મારા અંતરને તે જાણતા હતા. પણ મહિનાઓ-વર્ષો થયાં, તે ક્યારેય તેમનામાંથી કોઈ વિશે ઘસાતું બોલે નહીં, ઊલટાનું ક્યાંક બહુ જોરથી તેમની સારી વાતો આગળ ધરે. તેથી હું ફરી ફરીને મારી માન્યતાઓ ચકાસવા તરફ વળું.

ખરેખર તો માબાપો માલિકીભાવમાંથી, મમતમાંથી એટલું બધું ખોટું વર્તન કરી બેસતાં હોય છે કે ઓએસિસ ઇચ્છત તો આસાનીથી તેમનાં સંતાનોને તેમના વિરુદ્ધ ચઢાવી શક્યું હોત, તેમાં બહુ મહેનતની જરૂર જ નહોતી. પણ સંજીવભાઈએ હંમેશાં ખાઈ સર્જવાની જગ્યાએ પેઢીઓ વચ્ચે સેતુ બાંધવાનું પસંદ કર્યું. મારી બહેન અને મારા પિતા સાથેના મારા આજના સંબંધો ઘણે અંશે તેમને આભારી છે.

## સ્વયંબદ્ધતાપત્રઃ જવાબદારીનું ઘડતર

સહજીવનના પ્રયોગની જેમ એક બીજો મહત્ત્વનો પ્રયોગ ઓએસિસે કર્યો તે હતો સ્વયંબદ્ધતાપત્રનો. ખરેખર તો આ પ્રયોગ અમારા સૌનું ચારિત્ર્ય-ઘડતર કરવા નિમિત્ત બન્યો અને એક પ્રકારે ઓએસિસની ધરી બન્યો. ઓએસિસ જેટલી ગંભીરતાથી આગળ વધી રહ્યું હતું, તેમાં 'આજે કરું ને કાલે ન કરું / અત્યારે કહું ને પછી કોઈ પણ નાનામોટા કારણસર ન કરું'ની માનસિકતાને અવકાશ નહોતો. ધ્યેય સુધી

પહોંચાય તોય ઠીક ને ન પહોંચાય તોય ઠીક—એ રીતે કોઈ ધ્યેયને કેવી રીતે પામી શકે? તો સામે વાસ્તવિકતા એ પણ હતી કે નક્કર કામો કરવા શરૂ કર્યાં તે સાથે જ ઓએસિસને ખ્યાલ આવી ગયો હતો કે 'અમે સાથે છીએ' એવું કહેતાં બધા મિત્રો ખરા સમયે પડખે ઊભા રહેતા નથી. એક યા બીજા કારણસર તેઓ પોતાના વચનમાંથી પાછા હઠી જાય છે. તો પછી મિત્રોના સથવારે શરૂ કરાયેલી લડત કેવી રીતે લડી શકાય? સાથે કામ કરવાનું આવ્યું એટલે કેટલાક મિત્રો મતભેદ થવાથી, કેટલાક અહં ટકરાવાથી, તો કેટલાક વધુ મહત્ત્વ મેળવવા અને પોતાની રીતે કામ કરવા અલગ પડવા માંડ્યા હતા. કોઈ અંગત મહત્ત્વાકાંક્ષા આગળ ઝૂકી જતું હતું તો કોઈ કૌટુંબિક અને કારકિર્દી ઘડવાના દબાણ આગળ અને દેશ માટે કામ કરવાના વાયદા બાજુ પર રહી જતા હતા. એવું શું થઈ શકે જેનાથી આપણી પ્રતિબદ્ધતા માત્ર ક્ષણિક ઊભરો ન બની રહે પણ વાસ્તવમાં ભરોસાપાત્ર રહે?

આનો જવાબ શોધવાની મથામણમાં અને ઉપાડેલાં લાંબા ગાળાનાં કામોને વિશ્વસનીય રીતે પૂરાં કરવા માટે 'સ્વયંબદ્ધતાપત્ર'નો પ્રયોગ કરવામાં આવ્યો. આમ તો આ હતું કેવળ એક કાગળિયું જેના પર મિત્રો પોતાની જાતને દેશ માટે કામ કરવા માટે બાંધતા હતા અને તેને જાહેર કરતા હતા—કોઈક પૂરા સમય માટે, કોઈક આંશિક ધોરણે, કોઈક પ્રસંગોપાત્ત તો કોઈ નૈતિક રીતે. ફરી ઓએસિસની લાક્ષણિકતા મુજબ, લાગણીના ઊભરામાં સ્વયંબદ્ધતાપત્ર પર સહી ન કરવા માટે નવા મિત્રોને ચેતવવામાં આવતા હતા. નાનામોટા પ્રશ્નો, લાલ બત્તીઓ ધરવા માટે ઓએસિસે સમગ્ર કન્સેપ્ટને યોગ્ય રીતે સ્પષ્ટ કરતી નાની પુસ્તિકા પણ બહાર પાડી હતી—'અમારું જીવન અંજલિ થાજો...' આ ઓએસિસની નિષ્ઠા હતી. કોઈને ભોળવવા કે બાંધવા માટે અમે આ પ્રયોગ નહોતો શરૂ કર્યો. આ તો એક એવી આરસી હતી જે દરેક જણને અંગત રીતે મદદ કરે; જોકે સ્વયંબદ્ધતાપત્રે ખાસ્સી ચર્ચા જગાવી હતી. અંદર અને બહાર બંને તરફ. યુવાનો પોતાની જિંદગી સમાજસેવાને નામે લખી આપે તેનાથી દુઃખ કે વિહ્વળતા ન થવાં જોઈએ, ગૌરવ થવું જોઈએ—પણ ગાંધી કે વિવેકાનંદ પોતાને ઘેર જન્મે એવું કોઈ નથી ઇચ્છતું તેના જેવી આ વાત હતી; અલબત્ત, અમે સૌની ચિંતા સમજતા હતા. સ્વયંબદ્ધતાપત્ર ખરેખર તો 'જીવનસમર્પણ'ના શરૂઆતના ખ્યાલનું કંઈક કરવા માગતા તમામને વિકલ્પ આપતું સ્વરૂપ હતું. તેની સરખામણીમાં જીવનસમર્પણનો ખ્યાલ ઘણો વધુ કઠોર હતો, અને છતાં સિત્તેરેક મિત્રોએ પૂરા દિલથી તેને અપનાવ્યો હતો. ઓએસિસે જગાવેલી સામાજિક નિસબત એટલી તીવ્ર હતી કે યુવાનો પોતાની પરંપરાગત કારકિર્દી મૂકીને, પૂરી ગંભીરતાપૂર્વક, સમાજસેવાના ક્ષેત્રે કારકિર્દી બનાવવા માગતા હતા. કેટલાક મિત્રોએ નોકરી છોડીને 'સોશિયલ ઍન્ટરપ્રિનરશિપ' ક્ષેત્રે ઝુકાવ્યું તો કેટલાકે પોતાની પરંપરાગત કારકિર્દી સંપૂર્ણપણે છોડી દીધી.

> કોઈને ભોળવવા કે બાંધવા માટે અમે આ પ્રયોગ નહોતો શરૂ કર્યો. આ તો એક એવી આરસી હતી જે દરેક જણને અંગત રીતે મદદ કરે.

જીવનસમર્પણ અને સ્વયંબદ્ધતાના આ પ્રયોગથી અમારી વચ્ચે 'કમિટમૅન્ટ' શબ્દ ઘૂંટાવા લાગ્યો. જેમ જેમ અમે એ શબ્દને પકડીને આગળ ચાલતાં ગયાં તેમ તેમ અમને તેનો જાદુ સમજાતો ગયો. સમજપૂર્વક આંતરિક-બાહ્ય વિઘ્નોને ઓળંગવાની દૃષ્ટિ

અને મનોબળ કેળવાતાં ગયાં. કહેવાની જરૂર નથી કે માત્ર મોટી મોટી નહીં, પણ નાની નાની બાબતોમાં પણ આપેલું વચન પળાય તે અહીં અગત્યનું રહેતું હતું.

શરૂઆતના સેંકડો મિત્રોમાંથી ઘણા જઈ ચૂક્યા હતા અને છતાં પચાસેક મિત્રો ઓએસિસમાં ગળાડૂબ ખૂંપેલા રહ્યા હતા. આ પચાસ મિત્રોમાં ઘણા ડૉક્ટર અને એન્જિનિયર હતા અને તે સિવાય લગભગ તમામ શાખાના સ્નાતકો મોજૂદ હતા. સ્વયંબદ્ધતાપત્રથી તેમને જીવનની લાંબા ગાળાની પસંદગીઓ કરવા અને તેને સ્પષ્ટ કરવાની તક મળી. કહેવાની જરૂર નથી કે ઘણાને આ કાગળિયા પર સહી કરવા-કરવાથી કશો ફરક ન પડ્યો—તેમની પ્રતિબદ્ધતા એવી જ નક્કર રહી. તો કેટલાકને કશ્મકશ હોય ત્યારે નિર્ણય લેતી વખતે આ સ્વયંબદ્ધતાપત્રથી મદદ થઈ. અને કેટલાક સહી કરીને પણ ભૂલી ગયા.

મેં પણ આ સ્વયંબદ્ધતાપત્ર પર સહી કરી હતી; અલબત્ત, ધ્યેય, સમજણ અને ગંભીરતાની દૃષ્ટિએ હું હજી ઘણા શરૂઆતના તબક્કામાં હતી પણ મારી આજુબાજુ ઘણી ગંભીરતાથી મથતા મિત્રોને જોઈને હું પણ જે કરતી હોઉં તેમાં પૂરું હૃદય રેડવાનું શીખી રહી હતી. ઘણા મિત્રો જુદી જુદી પ્રવૃત્તિઓને આગળ ધપાવી રહ્યા હતા અને તેમાં નવા મિત્રો સામેલ થતા જતા હતા. જ્યારે વિવાદ ચાલી રહ્યો હતો ત્યારે આ નવા મિત્રો માટે પ્રેમ, જિંદગી અને મિત્રતાની શિબિરો ચાલતી હતી. અને આ રીતે એકધારી અને વિવિધ પ્રવૃત્તિઓના પરિણામે ૧૯૯૬માં અમે પચાસથી દોઢસો પર પહોંચ્યા હતા. સાત ટ્રસ્ટીમાં બીજા દસ નવા ટ્રસ્ટીઓ તરીકે ઉમેરાયા. આ રાતોરાત કે વિવાદના પરિણામે મળેલું પરિણામ નહોતું. અહીં એ ફરી નોંધવું જોઈએ કે ઓએસિસમાં ટ્રસ્ટી એ જ બની શકતા જે પૂરા સમયના કાર્યકર હોય. ટ્રસ્ટીશિપને સાધનાનો વિષય ગણવામાં આવતો. ૯૭–૯૮માં સંખ્યાની દૃષ્ટિએ ઓએસિસ મહત્તમ ટ્રસ્ટીઓ ધરાવતું હતું—ટ્રસ્ટી, ઍસોસિયેટ ટ્રસ્ટી મળીને ૬૩. હજી વધુ આશ્ચર્યજનક વાત—ટ્રસ્ટીઓની મિટિંગમાં તમામ નિર્ણયો સર્વસહમતી (કન્સેન્સસ)થી લેવામાં આવતા! પાંચ કે છ ટ્રસ્ટીઓ હોય ત્યાં અસહમતી અને ટાંટિયાખેંચનાં ઉદાહરણોની આપણે ત્યાં ખોટ નથી, ત્યારે ઓએસિસની આ સંપની સાધના હૃદય ઠારે એવી તો ખરી જ.


## નાગરિકધર્મની નિસબત

૧૯૯૪થી ૯૮ દરમ્યાન ઓએસિસ પોતાના એક બીજા આંદોલનને કારણે પણ ગાજ્યું હતું અને ઘેર ઘેર પહોંચ્યું હતું. તે હતું ‘વડોદરા લોકચેતના જાગૃતિ આંદોલન’, જેની મશાલ ગોવિંદ રાઘો ખૈરનારે પેટાવી હતી અને જેમાં ઓએસિસ સહિત અન્ય સ્વૈચ્છિક સંસ્થાઓ અને આગળ પડતા નાગરિકો એકસાથે ભેગા થયા હતા. આ આંદોલનની શરૂઆત હું જોડાઈ તે પહેલાં થઈ હતી, પણ તે બરાબર સક્રિય બન્યું ત્યારે હું પ્રથમ ચૂંટણી વખતે માત્ર સાક્ષી તરીકે અને બાકીની બે ચૂંટણીઓમાં સ્વયંસેવક તરીકે સાથે હતી.

સમાજ માટે લાંબા ગાળે, અસરકારક કામ કરવું હોય તો, આપણી લોકશાહી અને તેમાં આપણી ભૂમિકા, એ બંને અવગણી શકાય એવી બાબતો નથી. ઓએસિસને લાગ્યું કે રચનાત્મક કાર્યોને અસરકારક બનાવવા હોય અને વહીવટી તંત્ર પાસેથી જવાબદેહિતાની અપેક્ષા રાખવી હોય તો સારા પ્રતિનિધિઓ ઊભા કરવા અને મતદારોને ગળું ખોંખારી ટટ્ટાર થવા માટે પ્રેરવા સિવાય બીજો કોઈ રસ્તો નથી. યોગ્ય પ્રતિનિધિઓ ઊભા કરવાનું કામ ધાર્યા મુજબ ન થઈ શક્યું પરંતુ મતદાર જાગૃતિ માટે ઓએસિસે અભૂતપૂર્વ કામ કર્યું. વિધાનસભા ચૂંટણી, મહાનગરપાલિકાની ચૂંટણી અને લોકસભાની ચૂંટણી—ત્રણેમાં ઓએસિસ સક્રિય રહ્યું પણ તેનો મહાનગરપાલિકાની ચૂંટણી વખતનો પ્રયોગ અનેક જગ્યાઓએ દોહરાવા જેવો સાબિત થયો. તેની નોંધ તમામ સ્તરે લેવાઈ, છતાં અફસોસ કે હજી કોઈએ તેને ફરીથી અમલમાં મૂક્યો નથી.

ઓએસિસે ચૂંટણીમાં મત માગવા આવતા

ઉમેદવારો માટે એક સોગંદનામું ઘડી નાખ્યું. તેમાં દસ મુદ્દા હતા. આમ જુઓ તો ઉમેદવારોએ આપવા જ જોઈએ એવાં આ વચનો હતાં, છતાં સહી કરવાની વાત આવતાં ઉમેદવારોના મૂળ ઇરાદા છતા થઈ ગયા. આ સોગંદનામા માટે ઓએસિસે બેવડી વ્યૂહનીતિ અપનાવી — ઓએસિસના પ્રતિનિધિઓ ઉમેદવારોનો સંપર્ક કરે અને તેમને સ્ટૅમ્પપેપર પર આ સોગંદનામું સહી કરી આપવા કહે, અને બીજી તરફ અમે લાખ્ખોની સંખ્યામાં આ સોગંદનામાના લિફ્લેટ લોકોમાં વહેતા મૂક્યા. “ઉમેદવારો મત માગવા આવે છે? તેમને કહો આ સોગંદનામા પર સહી કરે, તો જ તમે તેમને મત આપશો.” ૬૦૦થી વધુ ઉમેદવારો હતા, અમે મિત્રોએ તેમનો સંપર્ક કરવા રાતદિવસ એક કરી નાખ્યા. અને અમને અજબગજબના અનુભવો થયા! કેટલાકે સરળતાથી સહી કરી આપી, કેટલાકે પક્ષપ્રમુખને પૂછવું પડશે એવું કહ્યું તો કેટલાકે નકારી કાઢ્યું. જે લોકો સીધી ના ન પાડી શક્યા તેમણે અનેક બહાનાં કાઢ્યાં. ફેરણી માટે ગયા છે, સૂઈ ગયા છે, મિટિંગમાં છે... જાણે ચોર-પોલીસની દોડ ચાલતી હોય તેમ તે અમારા આવ્યાની ખબર મળતાં જ ઘરના પાછલા બારણેથી ગાયબ થઈ જતા! તો કોઈ પડદા આડે સંતાઈ જતા! અમને તેમની આ સ્થિતિ પર ખડખડાટ હસવું પણ આવતું હતું ને દયા પણ આવતી હતી. જોકે તેઓ જેમ મત મેળવવા બધી




દોડધામ કરી શકતા હતા, આકરો તડકો ખમી શકતા હતા તો ભલા અમે ક્યાં પાછાં પડીએ તેમ હતાં? અમે ખડે પગે દરેક સ્થિતિ માટે તૈયાર રહ્યાં — સવારે વહેલા પાંચ વાગ્યે કે રાત્રે બાર વાગ્યે, અમે પહોંચી જ જતાં.

જો આ સોગંદનામાનો ભંગ કરશો તો કોઈ પણ સામાન્ય માણસ ન્યાયાલયમાં તમારી વિરુદ્ધ ધા નાખી શકશે એવી આટલી અમથી ચીમકીથી ઉમેદવારોના આ હાલ હતા, તો જો ખરેખર જ આપણે મતદારોના હાથમાં ઉમેદવારોને પાછા બોલાવવા જેવું

કોઈ મજબૂત સાધન મૂકીએ તો! ખેર, ત્યારે તો ભાજપના પક્ષપ્રમુખે અમે એવી કોઈ બાંહેધરી માગી શકીએ જ નહીં એમ કહેતું નિવેદન આપ્યું ને તેના વકીલે સોગંદનામાને ગેરકાનૂની જાહેર કર્યું. બધું જ છાપે ચઢ્યું. ઓએસિસે પણ તાબડતોબ શુભેચ્છક વકીલોને તેડાવ્યા, મંત્રણાઓ કરી ને તેમને પડકાર્યા. આમ તેમના જ પ્રતાપે સોગંદનામામાં સહી કરવાનો મુદ્દો એટલો ચગ્યો કે કોઈ પક્ષ સહી ન કરે તો તેને નુકસાન જવાની શક્યતા પૂરેપૂરી હતી. એટલે છેવટે પક્ષપ્રમુખે પોતાના તમામ ઉમેદવારોને સ્ટૅમ્પ પેપર પર નહીં પણ સાદા કાગળ પર સહી કરી આપવા સૂચના આપી! વળી આ બધી હકીકતો અમે વડોદરા લોકચેતના જાગૃતિ આંદોલનના મુખપત્ર 'સયાજી ડ્રીમ્સ'માં છાપી—કોણે સહી કરી તેની યાદી જાહેર કરી અને તેની ૮૦,૦૦૦થી ૧,૦૦,૦૦૦ નકલો લોકોમાં વહેંચી.

વડોદરા લોકચેતના જાગૃતિ આંદોલનની દોડધામે મારામાં અને અન્ય મિત્રોમાં નિઃસ્વાર્થભાવે છતાં પૂરી નિશ્ચયાત્મકતા સાથે કામ કરવાની શક્તિ ખીલવી, ઘણા બધા ડર ખેરવ્યા. જે બાબતોમાં આપણને વિશ્વાસ હોય તે કરવામાં કેટલો આનંદ આવે છે અને ગમે એવી અડચણો કેમ અડચણ લાગતી નથી તેનો અનુભવ મળ્યો. વળી એક વાર મતદાતાઓને વિચારતા કરવાના મુદ્દે અમે રાજકારણીઓની નજરમાં બરાબર ખૂંચ્યાં, પણ ધ્યેય સામે હોય ત્યારે આવી ક્ષુલ્લક ગણતરીઓ કરવી કેમ પોસાય?

## આંતરિક હરણફાળ

ઓએસિસને મેં એક એવા સ્થળ તરીકે જોયું હતું જ્યાં યુવાનોને ડગલે ને પગલે આદર્શો જીવવાનું મન થાય. આ સ્થિતિમાં આમ કરવું બરાબર કે તેમ—મિત્રો એકબીજાને પ્રશ્નો કરતા થયા હતા, અમુક અંશે નવા મિત્રોને દોરતા પણ હતા, અમારી વચ્ચે પરાવલંબન, સ્વાવલંબન અને પરસ્પરાવલંબન જેવા શબ્દોની જીવન સાથે જોડાયેલી ચર્ચા પણ થતી હતી. મિત્રો પોતપોતાના જીવનમાં આકરી પસંદગીઓ પણ લેતા હતા પણ શું અમે બધાં ઓએસિસને એકલપંડે આગળ ધપાવવા પૂરતાં તૈયાર હતાં? મેં આગળ જણાવ્યું તેમ સંજીવભાઈ ઓએસિસના પ્રાણ હતા. જુદા જુદા કાર્યક્રમો પાછળની દૃષ્ટિ, યોગ્ય નિર્ણયો લઈને સંગઠનને દોરવાનું કામ સંજીવભાઈ કરતા હતા. ટ્રસ્ટીમિત્રો સાથે મળીને આ નિર્ણયોને કસતા, આયોજનને વધુ સારું બનાવતા, નવા વિચારો પણ લાવતા. પણ મૂળ ચાલકબળ સંજીવભાઈ હતા તેમાં કોઈ શંકા નહોતી. ૧૯૯૬–૯૭માં બે સ્થિતિ ઊભી થઈ.

વ્યક્તિ-વિકાસ અને નેતૃત્વ-ઘડતર બાબતે, તે માટેની વૈજ્ઞાનિક પ્રક્રિયાઓ બાબતે ઓએસિસની સ્પષ્ટતા એટલી બારીક બની હતી કે હવે તે આ માટે મોટા પાયે અને સમગ્રતયા કામ થઈ શકે તેવું સ્થળ ઊભું કરવા માગતું હતું—એવું સ્થળ જ્યાં નિવાસી શિબિરો થકી આ કામ કરવા માટેનું યોગ્ય વાતાવરણ મળી શકે અને તે વધુ અસરકારક અને સઘન રીતે થઈ શકે. સંસ્થા તરીકે ઓએસિસે કોઈ કૉર્પસ ઊભું કર્યું નહોતું, કરવા માગતું પણ નહોતું. એટલે જમીન ખરીદવાનો વિચાર તેને માટે અઘરો હતો. બીજો રસ્તો હતો સરકાર પાસેથી જમીન મેળવવાનો. આપણા આદર્શો સાથે સહેજ પણ સમાધાન કર્યા વિના સરકાર પાસેથી જમીન મેળવી શકાય ખરી? કેમ નહીં?—માયાબહેન અને બીજા બે-ત્રણ ટ્રસ્ટીમિત્રોએ એ દિશામાં પોતાની સમગ્ર શક્તિઓ કામે લગાડી. આ થઈ 'મિત્રોના ઘર'માંથી 'મૈત્રી ભૂમિ' તરફની બાહ્ય હરણફાળની વાત.

પણ કદાચ સંજીવભાઈ જાણતા હતા કે ઓએસિસ ગમે તેટલું તૈયાર હોય આ હરણફાળ ભરવા, એ પહેલાં તેણે આંતરિક હરણફાળ ભરવી અનિવાર્ય છે. સંજીવભાઈની ધ્યેય માટેની, પોતાના વિકાસ માટેની અને મિત્રોના વિકાસ માટેની સમજ અને નિષ્ઠા એટલી પાકી હતી કે તેમણે ૧૯૯૭માં સંસ્થાના મૅનેજિંગ ટ્રસ્ટીપદેથી રાજીનામું આપ્યું! માત્ર ત્રણ-સવા

ત્રણ વર્ષમાં જ. ૩૩ વર્ષની વયે! શરૂઆતમાં આ નિર્ણય જાણીને ઘણા બધા મિત્રોની જેમ મને પણ ધક્કો લાગ્યો—પણ જેમ જેમ તેમનું રાજીનામાનું નિવેદન વાંચતી ગઈ અને તેનો અનુવાદ કરતી ગઈ તેમ તેમ મારા મનનું સમાધાન થતું ગયું. ગુજરાતી અનુવાદ કરવાનું મારું એ પ્રથમ ઍસાઇન્મેન્ટ હતું. ફરી એક વાર મારા મનમાં ઓએસિસ માટેનો અને સંજીવભાઈ માટેનો અહોભાવ વધી ગયો. મારી આજુબાજુના વિશ્વમાં આ વારંવાર બનતી ઘટના તો નહોતી જ. તેમનો ભાવ સ્પષ્ટ હતો, ઇરાદા નેક હતા—તેમને મન ઓએસિસ સંસ્થા કરતાં ઓએસિસનો આત્મા વિકાસ પામે તે તરફ તેમની વધુ મોટી જવાબદારી હતી. અને તેથી જવાબદારીથી મુક્ત થવા માટે નહીં, પણ વધુ મોટી જવાબદારી—બીજી હરોળના નેતૃત્વને અવકાશ અને જોઈતું માર્ગદર્શન આપવા માટે તેમણે આ પસંદગી લીધી હતી. ઓએસિસમાં એક નહીં, ઘણા બધા નેતાઓ હોય તો જ તે નેતૃત્વ-ઘડતર કરતું સંગઠન ગણાય ને?

> સંજીવભાઈએ ૧૯૯૭માં સંસ્થાના મૅનેજિંગ ટ્રસ્ટીપદેથી રાજીનામું આપ્યું! માત્ર ત્રણ-સવા ત્રણ વર્ષમાં જ. 33 વર્ષની વયે!

પરિણામે અમારા સૌ મિત્રોના મનમાં પણ આ કસોટીમાં ખરા ઊતરવાની ઇચ્છા જાગી. હું સમજું છું કે સંજીવભાઈ જીવનને એક ફિલસૂફના દૃષ્ટિકોણથી જોઈ શકતા હતા. જ્યારે તેમનો પડ્યો બોલ ઝીલવા બધા મિત્રો તૈયાર હોય ત્યારે પોતે સામેથી તેને જતું કરવું—જાતે પણ એક ડગલું ઉપર ચઢવું અને મિત્રોને પણ તેમ કરવા અવકાશ આપવો. મને અહોઆશ્ચર્ય થતું હતું—જીવનને જોવાની, સમજવાની આ પણ એક રીત હોઈ શકે છે!

સહુ મિત્રોના ગળે આ વાત ઊતરી, પણ આમ કરવું કોઈના માટે સહેલું નહોતું—ન તો સંજીવભાઈ માટે અને ન તો મિત્રો માટે. પણ બંને પક્ષે સહૃદયી પ્રયાસો આદર્યા. મૅનેજિંગ ટ્રસ્ટી તરીકે ડૉલી શાહે અને ટ્રસ્ટી સેક્રેટરી તરીકે પ્રીતિ નાયરે જવાબદારી લીધી. બહારથી જોઈએ તો આ ગાળામાં ઓએસિસની પ્રવૃત્તિઓમાં થોડી ઓટ આવેલી જણાય—પણ આંતરિક રીતે જબરજસ્ત મંથન ચાલતું હતું. ઓએસિસને યોગ્ય દિશામાં દોરવાનું કામ બાકીના મિત્રો માટે જેટલું અઘરું હતું તેટલું જ અઘરું સંજીવભાઈ માટે નાની-મોટી બાબતોમાં નિર્ણયો લેવાથી દૂર રહેવાનું અને બીજી હરોળને આગળ વધવામાં ખરા અર્થમાં મદદ કરવાનું હતું. સાદા શબ્દોમાં આ વાત એ રીતે કહી શકાય કે શું નિર્ણય લેવો તેનું દિશાસૂચન સંજીવભાઈ પાસે મળી શકે નહીં, પણ નિર્ણય લેવા માટેનાં મૂલ્યો શાં હોવાં જોઈએ તેની ચર્ચા સંજીવભાઈ સાથે થઈ શકે. સંજીવભાઈની બાબતમાં અમને સૌ મિત્રોને પૂરી ખાતરી હતી કે તે કહે એટલે કરે જ. તેમાં કહેવાનું કંઈ અને કરવાનું કંઈનો ભેદ ન જ હોય અને એટલે આ દેખીતું રાજીનામું નહોતું જ બની રહેવાનું, તેમાં અમને કોઈ કરતાં કોઈ શંકા નહોતી.

ક્યાં વ્યક્તિપૂજાના આક્ષેપો અને ક્યાં અમારા આ સંઘર્ષો...! ખેર, અંદર ડોકિયું કર્યા વિના કોઈની અંગત બાબતો વિશે જજમૅન્ટ આપી દેવું બહુ સહેલું છે. ઓએસિસમાં યુવક-યુવતીઓની સંખ્યા લગભગ સરખેસરખી હતી. અમે માત્ર સંજીવભાઈ પરના ભાવનાત્મક અવલંબનની જ નહીં, પણ સ્ત્રી તરીકે અમારા વર્તનમાં વણાઈ ગયેલા અવલંબનની પણ ખુલ્લા મને ચર્ચા કરતાં હતાં, તેમાંથી બહાર આવવાની કોશિશ કરતાં હતાં. એકબીજાના શ્રેયમિત્રો બનવાની કોશિશ કરતાં હતાં.

## નિર્ણાયક વર્ષો

હવે મારા માટે, અને કદાચ સહુ મિત્રો માટે પણ, ઓએસિસ સાથેની આ સહિયારી યાત્રા ગંભીર બનતી જઈ રહી હતી. આગળ કહ્યું તેમ, ઓએસિસ થકી મને જે કેટલીક ભેટો મળી તેમાંથી બીજી એક હતી મારું આંતરિક ફલક વિશાળ કરતી બાબતોની. નવલકથાઓ અને ક્લાસિક્સના પરિચયમાં તો હું અમુક અંશે હતી પણ એ સિવાયનાં ભારતીય અને વિશ્વસાહિત્યના પરિચયમાં આવવાનું અહીં બન્યું. અહીં જ મેં 'અગ્નિકુંડમાં ઊગેલું ગુલાબ' વાંચ્યું અને અહીં જ મેં જે. કૃષ્ણમૂર્તિ, વિનોબા તથા વિમલા ઠકારને વાંચ્યાં. અહીં જ 'એટલાસ શ્રગ્ડ', સ્કૉટ પેક ને સ્ટીફન કવીનાં પુસ્તકો વાંચ્યાં તો અહીં જ મેં 'ગ્રામલક્ષ્મી' વાંચી. અહીં જ હું રાષ્ટ્રીય હસ્તીઓ જેમ કે, રાજમોહન ગાંધી, વિનીત નારાયણ વિશે જાણતી થઈ. અહીં જે મેં પહેલી વાર મહેન્દ્ર મેઘાણીને સાંભળ્યા. ૧૯૯૬–૯૭માં અમે જે કરી રહ્યાં હતાં તેની સાથે અત્યંત સુસંગત એવા પશ્ચિમના પુસ્તક 'ધ ડિફ્રન્ટ ડ્રમ' જીવવાનો માન્યામાં ન આવે તેવો પ્રયાસ અમે કર્યો. આ પુસ્તકમાં વ્યક્તિઓનો સમૂહ સાચી કમ્યુનિટી કેવી રીતે બને અને તેમ થતાં કેટલા તબક્કાઓમાંથી પસાર થાય તેની વાત હતી. કમ્યુનિટી બન્યા પછી તેનાં પરિણામો કેટલાં અદ્‌ભુત હોય છે તેનું વર્ણન હતું અને અમે કમ્યુનિટી બનવા કમર કસી. પણ એ પ્રક્રિયા ખૂબ અઘરી રહી. તેને વર્ણવવા એક આખું પુસ્તક લખી શકાય એટલી મહેનત અમે તેની પાછળ કરી હતી.

ઓએસિસ માટે એ અત્યંત નિર્ણાયક વર્ષો હતાં. કાં અમે પાછાં પડીશું અને કાં આગળ વધી જઈશું એ બે જ વાત થઈ શકે તેમ હતી. ફરીથી આ ગાળામાં મિત્રોની સંખ્યા ઘટી. નવા મિત્રો તરફ પૂરતું ધ્યાન ન અપાતાં અને તેમને પૂરતી પ્રવૃત્તિઓ-નેતાગીરી ન મળતાં તેઓ આમતેમ વીખરાયા. પણ પેલા પચાસમાંથી ચાળીસ અકબંધ હતા. આ મિત્રોએ કડવામાં કડવા પ્રશ્નોનો સામનો કર્યો અને અઘરામાં અઘરા નિર્ણયો લઈ અમલમાં મૂક્યા. જેમ કે, પોતે પલાયનવાદને કારણે, કે સલામતી માટે આ સંસ્થામાં છે એવું લાગ્યું તે મિત્રોએ ફરીથી નોકરી કરવાનું સ્વીકાર્યું, તો ગરીબો માટે કામ કરવા ઇચ્છતી ડૉક્ટર બહેને સ્લમમાં જઈને એ લોકોની સાથે, એમની જેમ જ રહેવાનું સ્વીકાર્યું. જેને પોતાની ઉત્પાદકતામાં કચાશ લાગી તેણે સ્પષ્ટ માપી શકાય તેવા માપદંડો સાથે કામનાં પરિણામો આપવાનું સ્વીકાર્યું, તો કોઈકે વળી ફાધર વાલેસની જેમ થોડો સમય પોતાનો કમ્ફર્ટ ઝોન ત્યજી જુદાં જુદાં ઘરે રહેવાનો પ્રયોગ આદર્યો. વળી મારા જેવા થોડા મિત્રો પણ હતા, જે માળખાકીય કાર્યોને નભાવવાની કોશિશ કરતાં હતાં. આમ અમે બધાં જેમાં પણ અમારી આસ્થા હતી તે કરવા ઉત્કટતાથી મચી પડ્યાં અને ઓએસિસના આત્માને આત્મસાત્ કરવા લાગી ગયાં હતાં.

આનાં પરિણામો પણ મળ્યાં. આંતરિક રીતે પણ અને પ્રવૃત્તિઓની રીતે પણ. અને ફરીથી કસોટીઓ પણ આવી.

૧૯૯૭ના ઑગસ્ટમાં ગુજરાત સરકારે અમને ગોત્રીથી સિંધરોટ જતા રસ્તે, વડોદરાથી ૧૭ કિમી દૂર ૧૦ એકર જમીન ૧૦ વર્ષના ભાડાપટ્ટે આપી. આ સમયે વિમલા ઠકારે જે પ્રતિભાવ મોકલ્યો હતો તે એટલો સુસંગત હતો કે મારા મનમાં અંકાઈ ગયો છે. તેમણે લખ્યું હતું— "આંતરિક ભૂમિ તૈયાર થઈ એટલે બહાર જમીન મળી." અમે પોરસાયાં અને મૈત્રી ભૂમિના સ્વપ્નને સાકાર કરવા મચી પડ્યાં.

## 'મિત્રોના ઘર'માંથી 'મૈત્રી ભૂમિ'

પંદર-સોળ વર્ષનાં વહાણાં વાયાં તો પણ આજે આંખ બંધ કરતાં આ બે શબ્દોથી આખેઆખી જીવતીજાગતી મૈત્રી ભૂમિ નજર સમક્ષ ખડી થઈ જાય છે. ગોત્રીથી સિંધરોટ તરફના રસ્તે, ભીમપુરા ગામ પછી, શેરખી ગામના પાદરે ડાબી બાજુએ અમને આ દસ એકર જમીન મળી હતી. મહી નદીનાં


૨૦ મીટર કે તેથી વધુનાં ઊંચાં-નીચાં કોતરોવાળી વેરાન જમીન.

મૈત્રી ભૂમિ માટે અમારાં મનમાં શાં ઊંચાં ઊંચાં સ્વપ્નાં હતાં! અમે જાણીજોઈને પડતર જમીન પસંદ કરી હતી, જેથી આવી જમીનોને ફળદાયક, ઉપયોગી બનાવવાનો આદર્શ પણ સાકાર કરી શકીએ. આ જમીનને અમારે લીલીછમ બનાવવી હતી... અહીં સજીવ ખેતી કરવી હતી... કુદરતની વિરુદ્ધ જઈને નહીં, પણ તેની સાથે રહીને જમીનનો શ્રેષ્ઠ ઉપયોગ કરવો હતો—પછી એ પાણીના પાઇપની વ્યવસ્થા કરવાની હોય, કે ઍમ્ફીથિયેટર બનાવવા માટેની જગ્યા પસંદ કરવાની હોય... અહીં અમારે ખેડૂતો માટે કૃષિકેન્દ્ર અને ગામલોકો માટે સ્વરોજગાર કેન્દ્રો ખોલવાં હતાં... અહીં અમારે ખાતર બનાવવું હતું ને અહીં અમારે ભારતના નવસર્જન માટે યુવાનો તૈયાર થઈ શકે તેવી ચારિત્ર્ય-ઘડતર અને નેતૃત્વ-ઘડતરની પ્રક્રિયાને અનુરૂપ માળખું અને વાતાવરણ સર્જવાં હતાં... ઉત્કૃષ્ટતાને કેન્દ્રમાં રાખીને દરેકેદરેક ક્ષેત્રમાં વધુમાં વધુ આદર્શોને અપનાવવા હતા—સૌરશક્તિ હોય કે માનવશક્તિ—તેનો શ્રેષ્ઠ ઉપયોગ થાય તેવું માળખું વિકસાવવું હતું... અને આ બધું જ બનતી ઉતાવળે કરવું હતું. તમામ મિત્રોને જમીન મળ્યાનો હરખ હતો પણ સૌને સાબદા રાખવાનું કામ સંજીવભાઈ કરતા હતા. સાધન મળે પછી તેને વહેલામાં વહેલું ઉપયોગક્ષમ બનાવવાની જવાબદારી તેમનામાં ઠસોઠસ હતી. હવે અમારી સામે આ વેરાન જમીનને મૈત્રી ભૂમિ બનાવવાનું મોટું લક્ષ્ય હતું.

ઑગસ્ટ ૯૭માં જમીન મળી, નવેમ્બર ૯૭ સુધીમાં પાણી માટેનો બોર ખોદાયો અને વીજળીનું જોડાણ મેળવાયું. એ પહેલાં અમારી એન્જિનિયર્સની એક ટીમ પૉંડિચેરી જઈ આવી. ત્યાંના લૉ-કોસ્ટ બાંધકામનો અભ્યાસ થયો અને જરૂરી નિર્ણયો લેવાયા. ત્યાંના આંતરરાષ્ટ્રીય ગામ ઑરોવિલેમાં અપનાવાયેલી બાંધકામ માટેની માટીની ઈંટો અને છાપરાની ચૅનલની ટૅક્નૉલૉજીમાં અમને જોઈતી ઉત્કૃષ્ટતા, ટકાઉપણું અને ઓછી કિંમત એ ત્રણેનો સુભગ સંગમ હતો. એટલે સ્ટેબિલાઇઝર તરીકે માત્ર ૫% સિમેન્ટ ઉમેરીને માટીની ઈંટો બનાવવાના મશીનનો ઑર્ડર અપાયો અને પૂરતું ઘરકામ કરીને મિત્રો પાછા ફર્યા. ડિસેમ્બર ૯૭માં મૈત્રી ભૂમિ પર આ મશીનના ઉપયોગથી ઈંટો પાડવાની શરૂઆત થઈ. ટ્રસ્ટીઓમાંથી કોઈ માટીમાંથી મકાનો બનાવવા પાછળ પડ્યા અને કોઈ માટીમાંથી વૃક્ષો ઉગાડવા. બાકીના મિત્રોમાંથી કોઈ જોઈતા રિસોર્સ ઊભા કરવા, કોઈ ફંડ એકઠું કરવા, કોઈ સંયોજન કામ કરવા, કોઈ નકશાઓ પાસ કરાવવા, કોઈ મૈત્રી ભૂમિના કોતરોનું માટીનું આબેહૂબ મૉડલ ઊભું કરવા લાગી ગયા. કામ ખૂટે તેમ નહોતાં. મૈત્રી ભૂમિ પર કામ એકધારું ચાલતું રહે તે માટે એચ.ડી.એફ.સી.માંથી લોન સુધ્ધાં લેવામાં આવી. બીજી તરફ, કેટલાક મિત્રોએ પ્રવૃત્તિઓ પણ ધમધમતી રાખી.

ઓએસિસની એક મોટી ઉપલબ્ધિ એ હતી કે તેણે અમારા સૌ મિત્રોના મનમાંથી જાતિ, વર્ગ, ધર્મ અને લિંગનો સંપૂર્ણ છેદ ઉડાડી દીધો હતો. માણસ માત્ર માણસ છે. ગામડાનો હોય કે શહેરી, હિન્દુ હોય કે મુસ્લિમ, ભાઈ હોય કે બહેન—સહુ એકસરખી સહૃદયતાના અધિકારી છે. આ આપણી મૈત્રી ભૂમિ છે એ ભાવથી અમે મિત્રોએ જાતે તો ઈંટો પાડી જ, પણ સાથે ખભેખભો મિલાવી મજૂરી પણ કરી. ઈંટો પાડવા માટે મૈત્રી ભૂમિ પર રોજ પર આવતા ગામના મજૂરો પણ અમને અમારા ભાઈઓ જ લાગ્યા. અમારે

ઓએસિસની એક મોટી ઉપલબ્ધિ એ હતી કે તેણે અમારા સૌ મિત્રોના મનમાંથી જાતિ, વર્ગ, ધર્મ અને લિંગનો સંપૂર્ણ છેદ ઉડાડી દીધો હતો.



મન તે મજૂર નહોતા, અમારા વિશાળ પરિવારનો હિસ્સો હતા. કામમાં કચાશ ન જ રહે અને તેમની સાથે મૈત્રીપૂર્ણ વર્તન રહે તે અભિગમથી અમે કામ આગળ ધપાવ્યું. અમે તેમને અજબ લાગતા હોઈશું તેની અમને ખબર હતી, પણ તેઓ આખી વાતને પચાવી શકશે કે કેમ તે દૃષ્ટિકોણથી અમે કદી વિચાર્યું જ નહીં.

ઓએસિસના લગભગ તમામ યુવામિત્રો શહેરી હતા, પણ અહીં ગામના લોકો સાથે કામ કરતાં કરતાં અમારા મનમાં શહેર અને ગામડાંના ભેદ ભૂંસીને સાથે કામ કરતી કમ્યુનિટી ઊભી કરવાનો ઉત્સાહ વધતો ગયો, અને એ ઉત્સાહમાં અમે કદાચ ઘણી ઉતાવળ કરી બેઠા અને ગ્રામ-માનસનો તાગ પામવાનું ચૂક્યા! ગમે તેટલો પ્રેમ હોય, સારા ઇરાદા હોય, પણ પૂરતી-સચોટ સમજણ વિના આગળ વધવા જતાં થાપ ખાવાનું બને—એનો અનુભવ અમને બહુ નજીકના ગાળામાં થવાનો હતો.

ચારથી છ મહિના સુધી આ બાંધકામને લગતાં કામ ચાલ્યાં. તેમાં ૫૦–૬૦ જણને રોજીરોટી મળી. જૂન ૯૮ સુધીમાં અમારું પહેલા તબક્કાનું ૬,૦૦૦ ચો. ફૂટનું બાંધકામ પૂરું થયું. હવે ભીમપુરાનો ઢાળ ઊતરીએ એટલે દૂર ટચૂકડાં, રૂપકડાં ડૉમ ધરાવતાં મકાનો દેખાવા માંડ્યાં હતાં. વિશિષ્ટ શૈલી છતાં સસ્તાં મકાનો ઊભાં થયાં એટલે અમારું એક કામ તો પૂરું થયું. પણ આટલા સમયથી ખભેખભા મિલાવી સાથે કામ કરતા આ સાથીઓને છૂટા કરવાનું અમને વસમું લાગ્યું એટલે અમે તેમની સમક્ષ એક પ્રસ્તાવ મૂક્યો. અમારી પાસે ખેતીનાં કામો હતાં પણ જો તેઓ કામની જવાબદારી લેવા તૈયાર હોય તો જ. તેઓ નિશ્ચિત પરિણામો આપવા સંમત થાય અને અમે તેમને પૂરી સ્વતંત્રતા આપવા—દૈનિક હાજરી, કામકાજના કલાકો વગેરેમાં, જેથી લાંબા ગાળે તેઓ રોજ કમાવામાંથી આગળ વધી શકે, વધુ જવાબદારીથી કામ કરતા થાય અને વધુ કમાતા થાય તે માટે. અમારી વાત તેમના ગળે ઊતરી અને લગભગ ચાળીસેક જણ કોઈ દેખરેખ વિના પરિણામો આપવા તૈયાર થયા. તેમાં બેજવાબદારી દાખવનારા છૂપા હતા જ, પણ સૌએ આ તકને ઝડપી લીધી. વહેલા આવી, ફટાફટ પોતાનું કામ પૂરું કરી તેઓ બીજા કામે વળગી જતા. અમને આનંદ હતો.

આ જ ગાળામાં ઓએસિસે પોતાનું પહેલું પ્રકાશન 'મહાન હૃદયોના સારેગમપધનિ' પ્રકાશિત કર્યું. 'મહાન હૃદયોના સારેગમપધનિ'નું પ્રકાશન અંગત રીતે મારા માટે એક અગત્યનું માઈલસ્ટોન બન્યું. એ કામ કરતી વખતે મેં થઈ શકે એટલી તમામ ભૂલો કરી અને શીખી. મને પ્રકાશનને લગતાં નાનાં-મોટાં

તમામ કામો ઝીણવટપૂર્વક જાણવાની ને તેમાં મહારત મેળવવાની લગન લાગી. આ પુસ્તકે વેચાણનાં અદ્‌ભુત માઈલસ્ટોન પણ ઊભાં કર્યાં. આમ, ઑફિસ અને માળખાકીય કામકાજમાંથી મારું સુકાન પ્રકાશનનાં કામો તરફ વળ્યું.

દરમ્યાનમાં નવેમ્બર ૯૮ની આસપાસ મૈત્રી ભૂમિ પર ખેતીનાં કામો પણ પૂરાં થયાં. હવે અમારી પાસે એવું કોઈ મોટું કામ નહોતું જેમાં આટલા બધા લોકોને રોજગારી મળી રહે. ઘણા લોકો ઇચ્છતા હતા કે કોઈક રીતે અહીંથી જ રોજગારી મળી રહે તો સારું. એટલે તેમને સૌને ફરીથી બરાબર સમજાવીને અમે તેમના માટે સ્વરોજગારના જુદા જુદા પ્રકલ્પો શરૂ કર્યા—જેથી તેઓ જાતે જ પોતાની રોજગારી ઊભી કરવા સક્ષમ બની શકે અને અમારી પર પણ આધારિત ન રહે. ગ્રીટિંગકાર્ડ, લાકડાનું ફર્નિચર બનાવવું, નર્સરીમાં રોપા ઉછેરવા, પાપડ બનાવવા જેવા પ્રકલ્પો માટે શરૂઆતમાં મફત તાલીમ આપી. પછી ડિસેમ્બર ૯૮થી દરેક જણને કામ પ્રમાણે વળતર આપવાનું શરૂ કર્યું. આ પદ્ધતિનો કેટલાકે વિરોધ કર્યો. તમારે લેવું હોય અને તમારાથી લઈ શકાતું હોય એટલું કામ લો, પણ અમને તો નિશ્ચિત રોજ જોઈએ. ... સ્વરોજગારના પ્રકલ્પોના મૂળ ભાવને જ આ માગણી મારી નાખતી હતી. ખરેખર તો તેઓ બાંધ્યા રોજ કરતાં ધારે તો વધુ કમાઈ શકે તેમ હતા. ધીરજપૂર્વકની ઘણી રકઝક પછી, છેવટે થોડાક જણા તો તૈયાર થયા. પણ તેમાંથી પોતાને વગદાર માનનાર એક ભાઈ, જે પહેલાં મૈત્રી ભૂમિના ચોકીદાર તરીકે કામ કરતા હતા, તેમને આ પદ્ધતિ ખૂબ કઠી. તો પણ તેમણે નારાજગી બહાર બતાવવાની જગ્યાએ અંદર ધરબી રાખી અને પાછળથી અન્યોને ઉશ્કેરવામાં લાગી ગયા.

ધીમે ધીમે વાત એટલી વણસી કે ગ્રામ્ય કામદારોએ મૈત્રી ભૂમિના આંગણે, રસ્તા પર ધરણાં આદર્યાં. ત્યાંથી પસાર થતા રાજકારણીઓ મોટા ભા બનીને તેમની વહારે ધાયા—એક તો તેમને કોઈ ને કોઈ મુદ્દો ચગાવવા જોઈએ, તે મળતો હતો અને વળી સામે ઓએસિસ હતું, તેમને જૂના ઘાવ યાદ આવી ગયા હશે. ખેર, અમે કાયદાકીય રીતે કોઈ વાંકમાં આવતા નહોતા, કારણ કે અમે તેમને રોજ પર રાખ્યા નહોતા. છતાં એકલદોકલ અસંતુષ્ટને કારણે બધાં ભાઈબહેનોને થતું નુકસાન જોઈને દુઃખ થતું હતું. બીજી તરફ એ પણ સાચું હતું કે ગામડાના લોકો બહારથી આવીને કોઈ તેમનો ઉદ્ધાર કરી જાય તેવી આશા રાખતા હતા—તેમણે પોતે, મદદ મળે તો પણ, કંઈ કરવું નહોતું. તે ઉપરાંત, એન. જી. ઓ./સંસ્થાઓ પાસે તો બહુ પૈસા હોય, તેમણે આપણા માટે કામ કરવું જ જોઈએ—એ જ દૃષ્ટિથી તેઓ ઓએસિસને જોતા હતા. અધૂરામાં પૂરું, તેમના આ પરાવલંબીપણા અને લાલચને રાજકારણીઓએ પોતાના સ્વાર્થ ખાતર વધુ શેહ આપી, વધુ બળવત્તર બનાવ્યા. એ જુદી વાત છે કે હોહા પૂરી થયા પછી તેમને હિશ્શો હિશ્શો કરનારા આ રાજકારણીઓ ક્યાંય ગાયબ થઈ જવાના હતા. તેમણે સૌએ મળી ગામના સરપંચને જમીન પાછી લઈ લેવા સુધ્ધાંની માગણી કરી.

આમ, આ નિરર્થક કવાયત પછી, મૈત્રી ભૂમિ પર સ્વરોજગારના પ્રકલ્પો ઠપ્પ થયા. જેમને અમારા પર પૂરેપૂરો વિશ્વાસ બેઠો હતો તેવા ગણ્યાગાંઠ્યા ગામનાં ભાઈબહેનોએ અહીં કામ ચાલુ રાખ્યું. અમારે ઘણી વધુ ધીરજપૂર્વક ગામલોકોનો વિશ્વાસ જીતવો પડશે એટલા તારણ સાથે અમે અટક્યાં.

આ વિવાદ થયો ત્યાં સુધીમાં, ઓએસિસ નજીકનાં ગામોમાં આરોગ્ય કેન્દ્રો, બહેનોને રોજગાર મળે તે માટે પાપડનો ગૃહઉદ્યોગ શરૂ કરી ચૂક્યું હતું. અમારામાંથી બે-ત્રણ બહેનો ગામમાં રહેતી પણ હતી. ઓએસિસના મિત્રો અને ગામના યુવાનોએ સાથે મળીને ગામનો રસ્તો પણ બનાવ્યો હતો, પણ આ વિવાદના પરિણામે ગામના યુવાનોના ઉત્સાહને કેટલાક મોભીઓએ કચડી નાખ્યો, અને જાણે ગામડામાંના યુવા ઓએસિસનું બાળમરણ થયું.

## ત્યારે કરીશું શું?

આ સમયગાળો હતો જાન્યુઆરી ૧૯૯૯નો. હવે મૈત્રી ભૂમિ પર માનવબળની ખેંચ ઊભી થઈ. અમે વાવેલાં વૃક્ષો અને ખેતી પણ જાળવણી માગતાં હતાં. પ્રથમ તબક્કાનું બાંધકામ પૂરું થયું હતું અને હવે અહીં કારગર માળખું ઊભું કરવાનું હતું. અને ઈશ્વરનું કરવું કે એ જ ગાળામાં અમે લિયો ટૉલ્સ્ટૉયના 'ત્યારે કરીશું શું?' પુસ્તકના પરિચયમાં આવ્યાં. અમે હોંશભેર તેના અંગ્રેજી સંક્ષેપ, જે મહેન્દ્રભાઈ મેઘાણીએ કર્યો હતો તેને પ્રકાશિત પણ કર્યો.

'ત્યારે કરીશું શું' પુસ્તકે અમારી સામે બહુ મોટો પ્રશ્નાર્થ ઊભો કરી દીધો. શ્રમ કરતાં પણ વધુ ગરીબોની કાંધ પરથી ઊતરવાની વાત અમને સ્પર્શી ગઈ. ઓએસિસના મોટા ભાગના યુવાનો મધ્યમ કે ઉચ્ચ મધ્યમ વર્ગમાંથી આવતા, સારું શિક્ષણ પ્રાપ્ત કરેલા યુવાનો હતા. પણ શ્રમને અમે કદી આ દૃષ્ટિકોણથી નિહાળ્યો નહોતો. મહેન્દ્રભાઈ મેઘાણીએ કરેલો સંક્ષેપ જ અમે વાંચ્યો હતો, પણ પુસ્તકનું હાર્દ સ્પષ્ટ કરવા માટે એ પૂરતો હતો. હૃદયને સ્પર્શી હોય અને ગળે ઊતરી હોય તેવી બાબતો જીવનમાં ઉતારવી એવી અમારી સમજ અને નિષ્ઠા અનુસાર, અમને સૌને લાગ્યું કે અમારે ગરીબોની કાંધ પરથી ઊતરવું જ જોઈએ, અને રોટી-શ્રમ કરવો જોઈએ. સામે સંજોગો પણ એવા હતા કે અમને શ્રમિકોની જરૂર હતી. એટલે અમે જ શ્રમિકો બનવાનું નક્કી કર્યું.

આમ અંદર અને બહાર મચેલા ઘમસાણના પરિણામે એક નવી વ્યવસ્થા અસ્તિત્વમાં આવી. દર્શનભાઈ અને સંજીવભાઈ પછી, મારા સહિત લગભગ બીજા આઠેક જણ સાથે મૈત્રી ભૂમિ પર આશ્રમજીવન શરૂ થયું. એ સિવાય બીજા છ-એક મિત્રો ત્યાં રોજિંદા ધોરણે સક્રિય હતા, તેમાંથી ત્રણ ગામડાંઓમાં વસ્યા હતા અને બીજા વડોદરાથી આવ-જા કરતા હતા. આમ અમે લગભગ પંદરેક જણે અહીં 'ત્યારે કરીશું શું'ના સંદર્ભમાં શ્રમ આધારિત જીવન જીવવાનો અને આશ્રમના સહજીવનનો આરંભ કર્યો. ખેતી અને અન્ય રોજિંદાં કામો ઉપરાંત અહીં થોડા સમય અગાઉ ચાલુ કરેલો પાપડઉદ્યોગનો પ્રયોગ અમને ચારિત્ર્ય-ઘડતરની દૃષ્ટિએ અગત્યનો લાગ્યો હતો, અને તે અમારી શ્રમ-આધારિત રોટી રળવાની બાબતે પણ ખરો ઊતરતો હતો. એટલે મિત્રો બે ભાગમાં વહેંચાયા—રોટી-શ્રમ માટે કેટલાકે પાપડ વણવાની પસંદગી કરી અને કેટલાકે ખેતી તથા અન્ય વૃક્ષોની સંભાળ લેવાની. મેં અને સેજલે ખેતી કરવાનું પસંદ કર્યું હતું.

મૈત્રી ભૂમિ પર રહેવા જવાનો રોમાંચ મને પુષ્કળ હતો. વૃક્ષો અને પશુપંખીઓ પ્રત્યે ભરપૂર પ્રેમ હોવાથી મને શહેરની ધાંધલધમાલને બાજુ પર મૂકી અહીં જીવવા આવવાનું મળે એનું અને આશ્રમ જીવનનું અતિ આકર્ષણ હતું. એ આકર્ષણ નિરર્થક નહોતું. વહેલી સવારે ચારેક વાગ્યે થતો મોરનો કેકારવ, અહીંની ઠંડક, નીલગાય અને શિયાળવાંને જોવાનો રોમાંચ તો સાથે સાપ અને વીંછીઓથી ચેતતા રહેવાની અનિવાર્યતા... છતાં શહેરની સુંવાળપ અને મારા બંધિયારપણાને કારણે મને અહીં ગોઠવાવામાં અંદરથી અવરોધો પણ ખૂબ નડ્યા. નાની નાની સવલતો કેટલી હદે મારા જીવનનો ભાગ બની ગઈ હતી કે તેમનો અભાવ મને ખાસ્સી વિચલિત કરી મૂકતો હતો! બીજી તરફ, ખેતી કરવી સહેલી નહોતી—કોદાળી ને પાવડા પકડી આટલો શ્રમ મેં કે અમારામાંથી બીજા કોઈએ આ પહેલાં કદી કર્યો જ નહોતો. બહુ જલદી થાકી જવાતું હતું. ખેતી શ્રમ અને ધીરજ માગે છે—અને એ બંને જ ત્યારે મારામાં નહોતાં. તાપ ચઢે એ પહેલાં વહેલી સવારે ઊઠીને કામ પૂરું કરી નાખવા કે પછી સૂરજ ઢળતો થાય ત્યારના સમયનો ઉપયોગ કરવાની બુદ્ધિ અમે લડાવતાં પણ હજી ખેતીમાંથી પેટ પૂરતું રળવાની વાત ઘણી દૂર હતી.

આ બધામાં બીજો એક માનસિક સંઘર્ષ ઉમેરાયો આશ્રમજીવનનો. એ વખતે અમે શ્રમ આધારિત

જીવનશૈલી અને લઘુતમ જરૂરિયાતો રાખવાને સિદ્ધાન્ત તરીકે સ્વીકારી હતી. એટલે જીવનશૈલી અત્યંત સાદગીભરી રાખી હતી; જેમ કે, ઉનાળામાં આયુર્વેદના આધારે જમવામાં અમે મગનો પ્રયોગ શરૂ કર્યો હતો—એટલે માત્ર મગ અને દહીંને વહાલાં કરવાનાં હતાં. જોકે તેમાં મૈત્રી ભૂમિ પર ઊગતાં તાજાં શાકભાજીના કારણે સ્વાદ કેળવાતો જતો હતો. મને સૌથી વધુ તકલીફ નિયમોમાં બંધાવામાં આવી. અત્યાર સુધી કદી નિયમોમાં જીવવાનું આવ્યું નહોતું, એટલે અહીં ઘડિયાળના ટકોરે ખાવાપીવાથી માંડીને સહજીવન સરળ બનાવતા નિયમો અનુસાર જીવવું મને બહુ અઘરું લાગ્યું; અલબત્ત, આ તમામ આંતરિક અવરોધો છતાં હજી આજે પણ જો મારે પસંદગી કરવાની આવે તો હું મૈત્રી ભૂમિ પર રહેવા જવાનું જ પસંદ કરું. હા, મારા તરફથી ખૂટતું મનોબળ તેમાં ઉમેરવાનું ચોક્કસ મન થાય આજે.

મૈત્રી ભૂમિની કોતરાળ જમીન પર કામ પૂરાં કરવા દોડવું, પડવું-આખડવું, વળી ઊભા થઈને પાછા દોડવું મારા માટે સામાન્ય બની ગયું હતું. સવાર-સાંજ ખેતી કરવા મથવું અને દિવસે સ્ટોર અને ઑફિસના નાનાં-મોટાં કામ પૂરાં કરવાં, રાત્રે મિત્રો સાથે પ્રાર્થના કરવી અને ખુલ્લા આકાશ તળે સૂઈ જવું... મારા માટે આ દિવસો બહુ લાંબા ન ટક્યા. ખેતીમાં હું પૂરું દિલ નહોતી પરોવતી, ને પરિણામે હું અંદરથી નાસીપાસ થતી જતી હતી. બીજી બાજુ, મૈત્રી ભૂમિ પર ઘણું ખરું ગોઠવાતું જતું હતું. પાપડ વણનારા મિત્રો રિયલાઇઝેશનની ચરમસીમાએ હતા. બસ એ અરસામાં મેં થોડો વખત અંગત ધોરણે પ્રયોગ કરવા માટે અલગ થવાનું નક્કી કર્યું. ઓએસિસ સિવાયની દુનિયા પણ મારે ખેડવી જોઈએ એવા તર્કની પાછળ, અહીં હું થાકી ગઈ હતી તે હકીકત છુપાયેલી હતી; અલબત્ત, કોઈ કડવી લાગણીઓ નહોતી.

છેવટે હું થોડા સમય માટે કલકત્તા ગઈ. લગભગ ત્રણેક મહિના ત્યાં રહી. સહેજ ગોઠવાઈ ન ગોઠવાઈ, ત્યાં રક્ષાબંધન નિમિત્તે હું વડોદરા પાછી આવી. અહીં જે સ્થિતિ હતી તે સમજાતાં કલકત્તાના નામ પર ચોકડી મૂકવામાં મને બે ઘડીનોય સમય લાગ્યો નહીં.

## પુનઃ કસોટી—વિરોધનું વાવાઝોડું

ફિલસૂફીની રીતે જોઈએ તો એવું કહેવાયું છે કે કોઈ પણ સામાજિક પરિવર્તન લાવવા માટે ચાર તબક્કામાંથી પસાર થવું પડે છે—ઉપેક્ષા, હાંસી, વિરોધ અને સ્વીકાર. એક પ્રયોગ તરીકે, હવે અમે આ ફિલસૂફી મુજબના ત્રીજા તબક્કામાં પ્રવેશ્યાં હતાં—નાના-મોટા વિરોધની લહેરખીઓ અમે આ અગાઉ જોઈ હતી, પણ તેની સાપેક્ષે આ વખતે જાણે વિરોધનું વાવાઝોડું હતું, જે અમને ઉખેડી નાખવા જાણે મક્કમ હતું. એક-બે-ત્રણ અઠવાડિયાં નહીં, પણ લાગલાગટ ચાર મહિના સુધી ફૂંકાયેલા એ વાવાઝોડામાં અમારું સ્થાન ચોક્કસ બદલાયું, પણ મૂળિયાં જમીનમાં વધુ ઊંડાં ઊતર્યાં. સ્વાભાવિક રીતે, એ અનુભવમાંથી અમે ઘણું શીખ્યાં.

આટલાં વર્ષો દરમ્યાન અમે અમારાં કામમાં અને આંતરિક પડકારોમાં એટલાં ઓતપ્રોત રહ્યાં હતાં કે અમારાથી દુભાયેલા કે અસંતુષ્ટ લોકોની પ્રવૃત્તિઓ પર ધ્યાન આપવાનો અવકાશ નહોતો. ક્યારેક ક્યારેક કોઈક તરફથી જાણવા મળે તો પણ અમે તેને હસી કાઢતાં. અમારાથી તકલીફ થઈ હોય, દુભાયા હોય કે પછી અમને પ્રેમ કરતાં હોય પણ અમે તેમના કહ્યા પ્રમાણે, તેમની અપેક્ષા પ્રમાણે ન વર્તતાં હોઈએ એથી બીજા છેડે જઈ બેઠેલા આવા કેટલાકની પીઠ પાછળની નિંદા, લાગ મળે ત્યારે આવું કોઈ સ્વરૂપ લઈ શકે એવો અમને સ્વપ્નેય વિચાર આવ્યો નહોતો.

ત્યારે ઓએસિસે એવા દોરડા પર ચાલી રહ્યું હતું અને તેના યુવાનો એવી પસંદગીઓ લઈ રહ્યા હતા કે તેમાં ડગલે ને પગલે વાંધો પડી શકે. આટલાં વર્ષોની તેમની લગનના પરિણામે શરૂઆતમાં ઘર-પરિવારમાંથી ખૂબ વાંધો હોવા છતાં, પરિવારજનોને હવે ખાતરી થવા માંડી હતી કે આ માત્ર તેમનાં

સંતાનોની કોઈ ઘેલછા નથી... તેઓ ખરેખર કોઈ વણખેડાયેલા રસ્તે ચાલી રહ્યા છે અને અત્યંત નિષ્ઠાપૂર્વક મથી રહ્યા છે. "યુવાની ઘસાઈ જવા માટે છે, કોઈ ધ્યેય પાછળ મચી પડવામાં છે, એવું કરતાં એવું બની જ શકે કે તમારા પરિવારજનો તમને ન સમજી શકે, તમે તેમની અપેક્ષાઓ ન સંતોષી શકો, પણ જો તમે નિષ્ઠાપૂર્વક આગળ વધતાં હો, તો છેવટે તેઓ તમારા પર ગૌરવ લઈ શકે એવું કશુંક તમે જરૂર કરી શકશો, અને ત્યારે તેઓ તમને સમજી પણ શકશે"—આવી અમારી સમજણ હતી અને હવે તે વાસ્તવિકતા પણ બની રહી હતી. છતાં પાપડ ને ખેતીના પ્રયોગે ફરીથી થોડાંક મા-બાપોને અસલામત બનાવ્યાં હતાં, અમે તેમનો વિશ્વાસ જીતવામાં જ હતાં, ત્યાં તો મોટું ભંગાણ પડ્યું.

સપ્ટે. ૯૯ના ગાળાની આ વાત છે. ગ્રામજનો સાથે સંઘર્ષ થયા બાદ, હવે માત્ર ગણ્યાગાંઠ્યા ગ્રામજનો, જેમને તેમના લાંબા ગાળાના લાભની વાત સમજાઈ હતી તેઓ મૈત્રી ભૂમિ પર અમારી સાથે કામ કરતાં હતાં. એ સિવાયના, ખાસ કરીને દાદાગીરીથી બાકીના કામદારો પર વર્ચસ્વ ધરાવનારા એકાદ બે જણ બાકીના કામદારોને ડરાવવા-ધમકાવવા-ચઢાવવાની કામગીરીમાં વ્યસ્ત હતા. તેમણે મૈત્રી ભૂમિની બહાર, મુખ્ય માર્ગ પર ધરણાં કર્યાં ત્યારે પોલીસની મદદથી તાત્પૂરતી વાત પૂરી થઈ, પણ એ રસ્તેથી પસાર થતા રાજકારણીઓ (જમ) ઘર ભાળી ગયા. તેમણે છાપાંમાં અને સરકારી કચેરીઓમાં ઓએસિસ વિરુદ્ધ જે ઊહાપોહ મચાવ્યો તે હજી પૂરો શમ્યો નહોતો ત્યાં મિત્રતાના ઓઠા હેઠળ, અમારામાંના કેટલાકના અતિ લાગણીશીલ મા-બાપોને "મેદાને પડવા" માટે ચઢાવવામાં ને દોરવામાં કેટલાક અસંતુષ્ટો સફળ થયા. બસ, એક વત્તા એક બરાબર બે કરીને આખી વાત છાપામાં ખૂબ ચગાવવામાં આવી. ચોથી જાગીર એવા સમાચારપત્રોએ અને સત્તાધિકારીઓમાંના કેટલાકે તેમાં ઘટતો ભાગ ભજવીને કે નહીં ભજવીને ચાર-ચાર મહિના સુધી ઓએસિસને નામશેષ કરી નાખવા હલકામાં હલકી કવાયત કરી. (ઓએસિસ વિરુદ્ધ છેલ્લાં પાને છપાયેલાં સમાચારોના કતરણ ભેગાં કરીએ તો આખી બૉક્સ ફાઇલ ભરાય અને હેડિંગ પર નજર ફેરવીએ તો અરેરાટી ઊપજે.) વાત માત્ર દુષ્પ્રચાર પૂરતી સીમિત ન રહી, મૈત્રી ભૂમિ પર તાળાં વાગ્યાં.

## મૈત્રી ભૂમિ: સપનામાંથી વાસ્તવિકતા, અને હવે ફરીથી સ્વપ્ન?

ઘટનાક્રમ કંઈક આવો હતો—બાંધેલા રોજ માટે ગ્રામીણ કામદારોએ રાજકારણીઓનો સાથ મળતાં અને તે થકી અખબારોમાં ઊહાપોહ મચાવીને જે વાતાવરણ સર્જ્યું તેના કારણે કલેક્ટર કચેરી તરફથી તપાસનો આદેશ થયો. સંસ્થાના મૅનેજિંગ ટ્રસ્ટી, ડૉલી શાહ સાથે બીજા બે-ત્રણ જણને કલેક્ટર કચેરી પર નિવેદન આપવા માટે બોલાવવામાં આવ્યાં, જેમાં એક હું પણ હતી. બરાબર એ જ વખતે, કલેક્ટર કચેરીના કેટલાક અધિકારીઓ મૈત્રી ભૂમિ પહોંચ્યા અને ત્યાં જુદા જુદા લોકોનાં નિવેદનો લીધાં. અમારા કેટલાક દસ્તાવેજો જપ્ત કર્યા, અને કેટલાકની અંગત નોંધો ટપકાવેલી ડાયરીઓ સુધ્ધાં જપ્ત કરી. આખી મૈત્રી ભૂમિ ફરીને, અમે શું કામ કરીએ છીએ, ક્યાં પહોંચ્યા છીએ તે ઉપરઉપરથી જોયા પછી, છેવટે આ અધિકારીઓએ સંજીવભાઈને પૂછ્યું, "એટલે કે અહીં તમે સૌ ભાઈબહેનોની જેમ રહો છો, બરાબર ને?" જાણે આ પ્રશ્ન પૂછવા જ તેઓ આવ્યા તેમ તે પૂછી રહ્યા હતા. સંજીવભાઈએ સ્પષ્ટ કર્યું, "ના, અમે મિત્રો છીએ અને મિત્રોની જેમ રહીએ છીએ, અમે જે કામ હાથમાં લીધું છે તે પ્રત્યે પૂરી નિષ્ઠાથી સમર્પિત છીએ." મઝાની વાત એ છે કે આ અધિકારીઓએ ભાઈ-બહેનનું નિવેદન આપવાની તરફેણમાં અમને ખૂબ સમજાવ્યું, પણ જે સત્ય નહોતું તે બાબતે ખોટું નિવેદન અમે કેવી રીતે આપી શકીએ? આજે એ પ્રસંગનો વિચાર કરતાં થાય છે કે સમાજમાં કોઈ અનોખો પ્રયોગ થઈ રહ્યો

હોય, તો તેને માપવાના માપદંડો જુદા ન હોવા ઘટે? કંઈક જુદું ઘટી રહ્યું હોય તેને ચીલાચાલુ ફૂટપટ્ટીથી કેવી રીતે માપી શકાય?

ઓએસિસ ખરેખર એક ખુલ્લું સંગઠન હતું. અમારામાંથી કેટલાક ટ્રસ્ટીમિત્રો સામાન્ય લગ્નની વય વટાવી ચૂક્યા હતા અને બાકીના ઘણા બધા મિત્રો લગ્નની વયે પહોંચ્યા હતા. એટલે કેટલાક સમયથી અમારા મિત્રોની વચ્ચે વલોણું તો ચાલતું જ હતું. સંસ્થાના શરૂઆતનાં વર્ષોમાં માત્ર આકર્ષણમાં વહી ન જવાય અને સંસ્થા લગ્નસંસ્થા ન બની જાય તે હેતુથી અંદરોઅંદર લગ્ન ન કરવાનું નક્કી કર્યું હતું તેનો હેતુ પૂરો થઈ ચૂક્યો હતો. સાચા પ્રેમને નકારવાનું કે જડ બનીને નિયમને વળગી રહેવાનું ત્યારેય જરૂરી લાગ્યું નહોતું — જે કેટલાક મિત્રો આ રીતે છૂટા પડ્યા હતા તે બાકીના મિત્રો સાથે માત્ર સંવાદ સાધવામાં જ પાછા પડ્યા હતા. ખેર, મૈત્રી ભૂમિ પર કામ અને રોટી શ્રમ ઉપરાંત અમારી વચ્ચે જે કેટલીક અતિ અગત્યની ચર્ચાઓ ચાલતી હતી તેમાં એક લગ્નની બાબત હતી. પહેલાંની જેમ, અત્યારે પણ ઓએસિસે ઍલાઇવમાં આ ચર્ચા પોતાના શુભેચ્છકો સાથે વહેંચવાની શરૂઆત કરી હતી. અમે આ બાબતે જે નિર્ણય લઈએ તે, પણ “યુવક-યુવતીઓની મિત્રતા = અનૈતિક સંબંધો” એવું મનમાં વિચારતા લોકોએ શું ખરેખર પોતાના જીવનમાં મિત્રતા શબ્દને જાણ્યો જ નહીં હોય? જે યુવાનો સહજ આકર્ષણનો સ્વીકાર કરી, તેને અતિક્રમવા અને પોતે જે ધ્યેયને સમર્પિત છે તે માટે પ્રતિબદ્ધ રહેવા સંઘર્ષ કરતા હોય તેમની અને ચીલાચાલુ યુવાનો વચ્ચે તેમને ફર્ક નહીં સમજાતો હોય?

સંસ્થાના શરૂઆતનાં વર્ષોમાં માત્ર આકર્ષણમાં વહી ન જવાય અને સંસ્થા લગ્નસંસ્થા ન બની જાય તે હેતુથી અંદરોઅંદર લગ્ન ન કરવાનું નક્કી કર્યું હતું.

એ તપાસ પછી અમે વળી પાછા અમારા કામમાં પરોવાયા ત્યાં સપ્ટે. ૯૯ના મધ્યભાગમાં સંદેશ અને ગુજરાતમિત્રમાં છેલ્લા પાને ઓએસિસ વિરુદ્ધ એક વાલીની ફરિયાદ અને વલોપાતને નાટકીય શબ્દોમાં છાપવામાં આવ્યો. પછી તો એ ક્રમ રોજનો થઈ ગયો. દરરોજ છેલ્લા પાને ઓએસિસ વિરુદ્ધ બેફામ શબ્દોમાં આક્ષેપોનો વરસાદ શરૂ થયો. જેને જેને વાંધો હતો તે દરેક જણને અહીં ગમે તે ભાષામાં બોલવા માટે મોકળું મેદાન આપવામાં આવ્યું — કે પછી તેમને વીણી વીણીને યોજનાપૂર્વક ગોઠવવામાં આવ્યા.

આ વખતે સામે પક્ષે કોણ કોણ હતું? — ‘ઇન્ટરનૅશનલ યૂથ કાઉન્સિલ’ સાથે ઘનિષ્ઠ રીતે જોડાયેલા, વ્યવસાયે શિક્ષક એવા ભાઈ, જે શરૂઆતમાં ઓએસિસના મિત્ર હતા, ઓએસિસ જેવું જ પોતાનું યુવા સંગઠન ધરાવતા હતા — પણ બંને સંગઠન સાથોસાથ વિકસતા હોવા છતાં એ યુવાનોમાં ઓએસિસ જેવું લાડીલું બન્યું નહીં તેનાથી પીડાતા હતા. અત્યારે તે પોતાના મિત્ર સાથે ‘મોટાભા’ બનવાની તક ઝડપી લેવા આગળ આવ્યા હતા. તેઓ પેલાં અતિ લાગણીશીલ મા-બાપને ઓળખતા હતા, જેમની દીકરીઓ પાછી લાવવા તેઓ જંગે ચઢ્યાનું શૂર અનુભવતા હતા. ૯૬માં પણ તેમણે ઓએસિસને તોડી પાડવા પ્રયત્ન કર્યો હતો પણ ધાર્યો પ્રતિભાવ મળ્યો નહોતો. જોકે પ્રશ્ન એ છે કે છેવટે એ તો કોઈનું મહોરું કે હાથો તો નહોતા બન્યા ને? ૯૬ની જેમ આ વખતે પણ મિત્રોએ સગડ આપ્યા કે ગુણવંતભાઈ તેમની સાથે છે, પણ અમને એની પર અફવાથી વધુ ધ્યાન આપવું યોગ્ય લાગ્યું નહીં. એ સિવાય રાજકીય પક્ષોની યુવા પાંખના નેતાઓ, જેમને વારંવાર

અમારાથી તકલીફ પડી હતી તે હતા. તેમને લોકોમાં ગાજતા રહેવા માટે મુદ્દો પણ મળતો હતો અને સામે ઓએસિસ હોવાથી એક તીરથી બે નિશાન સધાતાં હોવાનું અનુભવાતું હશે. આ સૌને સાથ મળ્યો વડોદરા સંદેશના નિવાસી તંત્રીનો. તેમણે લાગલાગટ ચાર ચાર મહિના પોતાના છાપાનું છેલ્લું પાનું, વારંવાર ૮ કૉલમના હેડિંગ અને લગભગ પાથી અડધા પાનાની જગ્યા ફાળવી આપી. કેમ? ૧૯૯૪માં, જ્યારે તેઓ વડોદરા ગુજરાત સમાચારના નિવાસી તંત્રી હતા ત્યારે તેમણે અનામત મુદ્દે ઓએસિસના નામે અમે નહોતું કહ્યું તેવું કશુંક છાપી નાખ્યું હતું, તેના વિરોધમાં ઓએસિસે કેટલાય આગળ પડતા નાગરિકો, યુવાનોને સાથે લઈને રેલી કાઢી હતી, અને તેમના કાર્યાલયે પહોંચી ગયું હતું. સાચી વાતે તમતમી ગયેલા યુવાનોના જોશનું પ્રદર્શન તેમને એટલું કઠી ગયું હતું કે તેમના જ શબ્દોમાં કહીએ તો, “ઓએસિસ વિરુદ્ધ મૈં ફાઇલોની ફાઇલો એકઠી કરી છે, હવે જોઈ લો તમે!” અમારા વિરોધમાં તે વખતે યુવાસહજ જોશ હતો, પણ તંત્રીકક્ષાની વ્યક્તિને આટલા ‘અસહિષ્ણુ’ હોવાનું પોસાય ખરું? કે પછી આમ કરવા પાછળ તેમની પાસે બીજાં અંગત કારણો પણ હતાં? કદાચ ઓએસિસને તેમણે ‘આજના યુવાનો તો આવા જ’ એવી રોષભરી નજરે જ જોયું, અને તેમાં તમામ વિવેક-નીતિમત્તાને વટાવી ગયા. એ સિવાય તેમના ભ્રષ્ટાચારની વાતો તો જગજાહેર હતી જ. એટલે એવું કોઈ ગણિત પણ તેની પાછળ હોઈ શકે.

આમ, થોડા અસંતુષ્ટો, તેજોદ્વેષથી ઉપર ન ઊઠી શકેલા ‘શુભેચ્છક’, રાજકારણીઓ અને લોકશાહીની ચોથી જાગીર એવા મીડિયાનું કોકટેલ ઘાતક ન નીવડે તો જ નવાઈ હતી. વળી તેમની પાસે ધાર્યું પરિણામ મેળવવા માટે પેલાં લાગણીશીલ મા-બાપ અને લાંબું ન જોઈ શકનારાં ગ્રામીણ મજૂરોનો ખભો હતો અને તેમનાં આવેદનપત્રો અને શોરબકોરને ધ્યાને ધરનાર સરકારી અધિકારીઓ હતા. આટલું વાંચીને લાગી શકે કે ઓએસિસના તો આ વખતે રામ રમી જ ગયા હશે...

આ આખા સમૂહને લાગતું હતું કે મૈત્રી ભૂમિ ઓએસિસના હાથમાંથી જાય એટલે વાત પૂરી. ઓએસિસ જમીનદોસ્ત થયું ગણાય. ભલા માણસ, ઓએસિસ છેવટે શું હતું? જમીનનો ટુકડો? સંસ્થાનું માળખું?—તેઓ બહુ મોટી થાપ ખાઈ રહ્યા હતા. ઓએસિસ તો અમારા સૌના હૃદયમાં જીવતું હતું. અમારી કામ કરવાની નિષ્ઠા, આવડત, કુનેહને ભલા કોણ ઉખેડીને ફેંકી દઈ શકે તેમ હતું? મૈત્રી ભૂમિ તો એક સાધનમાત્ર હતું. ખેર, તેમના ઇરાદાઓમાં તેઓ કામયાબ આ રીતે થયા.

> થોડા અસંતુષ્ટો, તેજોદ્વેષથી ઉપર ન ઊઠી શકેલા ‘શુભેચ્છક’, રાજકારણીઓ અને મીડિયાનું કોકટેલ ઘાતક ન નીવડે તો જ નવાઈ હતી.

ઘણાં બધાં સત્યો આપણને ખબર હોય છે, પણ જ્યારે તેનો પ્રત્યક્ષ અનુભવ થાય ત્યારે તેની ખરા અર્થમાં પ્રતીતિ થાય છે. રાજકારણીઓ-મીડિયા-સત્તાધીશો આ ત્રણે વચ્ચે કેવા અંકોડા ભિડાયેલા હોય છે અને તેઓ એકબીજાનો કેવો આબાદ ઉપયોગ કરી જાણે છે તેનો પ્રત્યક્ષ અનુભવ અમને આ પ્રકરણ વખતે થયો.

ભ્રષ્ટ-આચારની દૃષ્ટિએ આ એક જબરજસ્ત કેસસ્ટડી છે. સપ્ટેમ્બર ૯૯ના મધ્ય ભાગથી મીડિયામાં એટલે કે, અહીં સંદેશમાં, છાશવારે ફોટાઓ સાથે છપાતું રહ્યું કે ફલાણા અને ઢીકણાએ કલેક્ટરને

ઓએસિસ વિરુદ્ધ પગલાં લેવા માટે આવેદનપત્ર આપ્યું... એક નાગરિક તરીકે અને ઓએસિસના સભ્ય તરીકે, ત્યારેય મને થતું હતું કે છાશવારે આવેદનપત્રો આપવા નીકળી પડતા રાજકારણીઓના ઇરાદાઓ ઉઘાડા પાડવાનું કામ મીડિયાનું નહીં? આપણે સહુ જાણીએ છીએ કે રાજકારણીઓ જે કીચડઉછાળ રમત રમતા હોય છે તેમાં ખરેખર કેટલું તથ્ય હોય છે, તોય તંત્રીઓ તેમની આ રમતને પોતાના છાપામાં સ્થાન આપતા રહે? હા, કારણ કે એ બંને એકબીજાના જોરે જ તો ચાલે છે. એ જ રીતે, રાજકારણીઓ અને આવી રીતે ફોસલાવેલા વાલી-ગ્રામજનો આવેદનપત્ર આપે તે કલેક્ટરે ધ્યાન પર લેવા જ પડે? આવેદનપત્ર કોણે આપ્યું છે, તેના ઇરાદા શા છે તે અંગે સાવ આંખકાન મીંચી દેવાનાં? એ સિવાય નિષ્પક્ષ તપાસ કરવાની તેમની કોઈ જવાબદારી નહીં? છાપાંમાં કોઈ પીળું પત્રકારત્વ ચલાવે એટલે એ શું પગલાં લેવા માટે પૂરતું ગણાય? પણ અહીં તો કલેક્ટર-મામલતદારે વળી છાપાંમાં ખુલાસો કર્યો કે તપાસ ચાલી રહી છે, અને સંસ્થાને શો-કૉઝ નોટિસ—કારણદર્શક નોટિસ આપવામાં આવી છે.

ખેર, થોડા દિવસ પછી અમને કલેક્ટર ઑફિસ તરફથી ખરેખર શો-કૉઝ નોટિસ પાઠવવામાં આવી- "મૈત્રી ભૂમિની જમીન પાછી લઈ લઈને ખાલસા શા માટે ન કરવી જોઈએ?" તેની કારણદર્શક નોટિસ. દેખીતી ભૂમિકા તરીકે એમ જણાવાયું હતું કે ઓએસિસે જે હેતુ માટે જમીન અપાઈ છે તે હેતુઓ પૂરા કર્યા નથી. જમીન મળ્યાના એક-દોઢ વર્ષમાં, જંગલમાં મંગલ, વેરાન ભૂમિમાં રણદ્વીપ ઊભું થયું છે એવું લાગતું-વળગતું ન હોય તેવું કોઈ પણ ત્રીજું જણ કહી શકે તેટલી નક્કર વાસ્તવિકતાઓ સામે હતી, છતાં જેમને ન જ જોવું હોય તેમને ફરજ પાડી શકાતી નથી. અહીં મકાનો ઊભાં હતાં, અહીં દોઢ-બે હજાર વૃક્ષો લહેરાતાં હતાં, અહીં લોકો પાસે ચારિત્ર્ય-ઘડતરની, ગ્રામના લોકોને સાથે લેવાની દૃષ્ટિ હતી... પણ જે ત્રીજું માણસ સમજી શકે, તે પૂર્વગ્રહપીડિત પક્ષો તો ન જ સમજી શકે. અલબત્ત, અમને આ નોટિસનો જવાબ પાઠવવામાં સહેજ પણ તકલીફ નહોતી.

પણ એથી આગળનું પગલું—આવું કશું ઘટી શકે તેમ અમે વિચાર્યું નહોતું. ૧૭મી ઑક્ટોબર, ૧૯૯૯, રવિવારની સવારે મૈત્રી ભૂમિની બહાર પોલીસકાફલો ખડકાયેલો હતો. સવારે ઊઠતાંની સાથે અમારા સૌનું ધ્યાન તે તરફ ગયું. શરૂઆતમાં કારણ કળવાની કોશિશ કરી, પણ જાણી ન શકાયું. છેવટે છેક બપોર થતાં તેનો ભેદ ઊકલ્યો. મામલતદાર અને ડેપ્યુટી કલેક્ટરનો કાફલો આવ્યો. અમે લગભગ દસ-બાર જણા ત્યારે ત્યાં હતાં. મૈત્રી ભૂમિ પર ૧૪૪ની કલમ લગાડીને તેને પ્રતિબંધિત જાહેર કરવામાં આવી હતી અને ઓએસિસના ટ્રસ્ટીઓ તથા સભ્યોને મૈત્રી ભૂમિ તેમ જ શેરખી ગ્રામપંચાયતનાં ગામોમાં પ્રવેશવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. કારણ બહુ રૂપાળું હતું—કાયદા અને વ્યવસ્થાની જાળવણી. ટૂંકમાં, જે ઊહાપોહ ચાલી રહ્યો છે, તેમાં તોફાન થાય તો અમને કોઈ નુકસાન ન થાય તે માટે, તોફાન કરનારાઓ પર નહીં પણ અમારા પર પ્રતિબંધ મૂકવામાં આવી રહ્યો હતો! અમારા રક્ષણાર્થે! આ માત્ર ઓઠું છે એટલું તો અમને સમજાતું હતું, કાયદાકીય સલાહ લેવા અમે થઈ શકે એટલા તમામ પ્રયત્નો કર્યા—પણ ફરી અમારા માટે આ અણધાર્યું અને તેમના માટે આ યોજનાપૂર્વકનું પગલું હતું. એ દિવસે રવિવાર હતો. અમે સ્ટે લાવવા કે અન્ય કશું કરી શકીએ તેમ નહોતાં.

તન-મન-લગનથી સીંચેલી મૈત્રી ભૂમિને છોડવાના વિચારમાત્રથી અસહાયતા અને આક્રોશ અનુભવાતાં હતાં. છેવટે સાંજે મૈત્રી ભૂમિને સીલ કરવામાં આવી—હરીભરી, જીવંત મૈત્રી ભૂમિના એ છેલ્લાં દર્શન હતાં અમારાં. પણ ત્યારે એવી ખબર નહોતી, અને હવે ક્યાંથી કામ કરીશું એ પણ નક્કી નહોતું.

## છેવટે લોકશાહીની વ્યવસ્થા જ વહારે આવી

આમ અમારી વહાલી મૈત્રી ભૂમિ અમારાથી છૂટી પડી. હવે મીડિયાના એકપક્ષીય કાગારોળ તરફ દુર્લક્ષ સેવવાનો સવાલ રહેતો નહોતો. અમારે મીડિયા અને સરકારી કચેરીઓમાં અમારો પક્ષ મજબૂતાઈથી મૂક્યે જ છૂટકો. મૈત્રી ભૂમિ પર સીલ લાગવાથી અમારા આત્મવિશ્વાસમાં સહેજે ઘટાડો થયો નહોતો. અમે હલી ગયાં હતાં, પણ ઓઝપાઈ નહોતાં ગયાં. એટલે શરૂ થયાં છાપાની ઑફિસો અને સરકારી કચેરીઓનાં ચક્કર. મુશ્કેલીઓ અપાર હતી તો સામે સારી બાજુઓ પણ હતી. અમારા પર જેમને ઊંડો ભરોસો બેઠો હતો તેવા કેટલાક ગામડાના મિત્રો છેક ગામથી શહેર અમને મદદ કરવા આવી પહોંચતા હતા. શું કરવું, શું નહીં-ની અમારી મિટિંગોમાં પોતાનો સૂર પુરાવતા હતા. સંજીવભાઈએ સીધું સુકાન ન સંભાળ્યું, બીજી હરોળના મિત્રોને મદદ કરતા રહ્યા. ઘણું ઘણું કરવાનું હતું. બીજી તરફ, ચૅરિટી કમિશનરની ઑફિસે, અમારા બૅન્ક એકાઉન્ટ પણ સીલ કર્યાં હતાં, કારણ કે તેમને પણ કોઈએ નનામો પત્ર લખ્યો હતો સંસ્થાના નાણાકીય ગોટાળાઓ વિશે. એક નનામા પત્રની વિશ્વસનીયતા આટલી હોઈ શકે? ખેર, એટલે અમારે રોજિંદા ખર્ચથી લઈને પ્રેસનોટ આપવાનો ને સરકારી કચેરીઓમાં જવાબો આપવાનો પૈસેપૈસો મૅનેજ કરવાનો હતો. અમે જુદી જુદી ટુકડીઓમાં વહેંચાઈ ગયાં. ત્યારે પણ દરેકે જાતે પસંદગી લેવાની હતી—કોણ નેતૃત્વ લેશે અને કોણ સહાયક ભૂમિકા ભજવશે. મેં રોજિંદી પ્રેસનોટો પહોંચાડવા, અન્ય દસ્તાવેજીકરણ અને સરકારી કચેરીઓ માટેનાં થોથાં તૈયાર કરવામાં સહાયરૂપ થવાની ભૂમિકા લીધી હતી.

અમારા વિરુદ્ધ ભરચક છાપતાં બે છાપાં મને રીઢાં અને જડ લાગ્યાં. જે સમાચારપત્રો તદ્દન અલિપ્ત રહ્યાં હતાં તેમનું એ સ્ટૅન્ડ મને સમજાતું નહોતું. દરરોજ સાંજે અમે છાપાંઓની ઑફિસે પ્રેસનોટ આપવા જતાં—વારંવાર પ્રયત્ન કરવા છતાં સંદેશના નિવાસી તંત્રી અમને બે સેકન્ડ માટે પણ મળવા તૈયાર થતા નહીં. જાણે તેમને અમારો પક્ષ સાંભળવામાં રસ જ નહોતો. અમે વાલીઓનાં નિવેદનો લઈ આવ્યાં—વાલીઓ જાતે છાપાંઓની ઑફિસે ગયાં—પણ બધું જ વ્યર્થ. તેમની તરફથી પીળું પત્રકારત્વ ચાલતું જ રહ્યું. અમારી દરેક વાતને બીભત્સ રીતે ઉછાળવામાં જ તેમને રસ હતો—વ્યક્તિપૂજા, બેફામ ખર્ચા, મજૂરોનું શોષણ, માબાપોની લાચારી, ચારિત્ર્ય પર આક્ષેપો.... સમાચારપત્રોને સેનસેશનલ સમાચારો આપવામાં રસ હોય છે એવું સાંભળેલું પણ તે તમામ નીતિમર્યાદાને નેવે મૂકીને તેમ કરી શકે એ ત્યારે જ સમજાયું.

સરકારી કચેરીઓમાં પણ સ્થિતિ બહુ ખાસ જુદી નહોતી. કલેક્ટર સમક્ષ અમે પણ આવેદનપત્ર આપ્યાં, રજૂઆતો કરી. ગામડાંના લોકોએ અમારા પક્ષે રજૂઆતો કરી. પણ કદાચ તેમને પણ સભ્ય અને તાર્કિક રજૂઆતો ખપતી નહોતી. હા, ગામડાંના લોકોની રજૂઆતો પછી ગામડાંઓમાં અમારા જવા પરનો પ્રતિબંધ હઠાવી લેવામાં આવ્યો ખરો.

અલબત્ત, આ હોબાળો ચાલુ રાખવા પાછળનું કારણ અત્યારે સમજાય છે. ૧૪૪ની કલમ અનંત સમય સુધી લાગુ રાખી શકાતી નથી. અમારી સામે જે આખો સમૂહ પડ્યો હતો તે અમને નેસ્તનાબૂદ કરવા માગતો હતો—એટલે આ કલમનો સમયગાળો લંબાય અને છેવટે જમીન ખાલસા કરવામાં આવે તે તેમની મંશા હશે. તેના માટે તેમણે પોતે કેટલા નીચે ઊતરવું પડે તેની કોઈ ચિંતા કરી નહીં. તેમણે કોઈક રીતે પેલા લાગણીશીલ પિતાની પુત્રીની અંગત ડાયરી હાથ કરી અને ફરીથી ૮ કૉલમના મોટા હેડિંગ સાથે સંદેશના છેલ્લા પાને આ ડાયરીના અંશો છાપવામાં આવ્યા. કમરપટા નીચેના પ્રહારો કરવામાં ક્યાંય કશું બાકી ન રખાયું. કોઈની પણ અંગત માલિકીની વસ્તુ, આ રીતે તેની પરવાનગી બહાર છાપવી, તેમાં પણ કોઈ બહેનની બાબતમાં, એ સત્ય છતું કરવાની નહીં, પણ માત્ર ને માત્ર

સનસનાટી ઊભી કરવાનું તદ્દન હલકી કક્ષાનું પગલું હતું. અને આમ કરવામાં તેઓ કાયદાકીય વાંકમાં પણ આવતા હતા. હવે અમે કોઈ રીતે આ બધું સાંખી લેવાના મૂડમાં નહોતાં.

એટલું તો સ્પષ્ટ હતું કે તેમને અમારા કામમાં રસ નહોતો, એ બાબતે તેમની પાસે કોઈ પ્રશ્નો નહોતા. તેમને અમારી આત્મીયતા સામે વાંધો હતો, કારણ કે કદાચ તેમની કોઈની પાસે એવા આત્મીય સંબંધો નહોતા. ભલા, અમારી વચ્ચે આત્મીયતા કેમ ન હોય? અને એનો હિસાબ અમે શા માટે આપીએ? જીવનમાં આવા આત્મીય સંબંધો પામવા માટે જે ચારિત્ર્યની જરૂર પડે તે ગલગલિયાં કરાવતાં ગામગપાટાથી કે બીજાના જીવનમાં ડોકિયાં કરવાથી નથી ઊભું થઈ શકતું. એવી જ રીતે તેમને ખરો વાંધો અમારા બેફામ ખર્ચા સામે નહીં, પણ ઓએસિસને આટલું ફંડ મળે છે તેની સામે હતો.

સંદેશ અને સરકારી કચેરીઓનાં પગથિયાં ઘસવા હવે અમે તૈયાર નહોતાં. ઓએસિસની ફિલસૂફી તેને સંવાદનો રસ્તો લેવા કહે છે, પણ જ્યાં તેનો અવકાશ નથી ત્યાં સહન કરતા રહેવું એ પણ યોગ્ય નહોતું. એટલે હવે અમે કાનૂની રાહ લીધો. અલબત્ત, દ્વેષભાવથી નહીં, કે બદલો લેવાની ભાવનાથી પણ નહીં—છેવટે કોર્ટનું માધ્યમ એવું છે કે જ્યાં એલફેલ બોલી શકાતું નથી, જ્યાં દરેક વાતના પુરાવા આપવા પડે છે, અને જ્યાં તમે ઇચ્છો કે ન ઇચ્છો, તમારે સામેવાળાનો પક્ષ સાંભળવો પડે છે, તેની સાથે સંવાદમાં ઊતરવું પડે છે. અમે આ જ ઇચ્છતાં હતાં, એટલે અમે નામ સાથે એલફેલ બોલનારા-છાપનારા દરેક સામે બદનક્ષીના દાવા માંડ્યા. સંદેશ સામે અમે પ્રેસ કાઉન્સિલ ઑફ ઇન્ડિયામાં તેમ જ દીવાની કોર્ટમાં બદનક્ષીનો કેસ કર્યો. પેલા શિક્ષક સામે બદનક્ષીનો ફોજદારી કેસ કર્યો. અન્ય એક-બે જૂના મિત્રો સામે પણ બદનક્ષીનો ફોજદારી કેસ કર્યો.

જીવનમાં આવા આત્મીય સંબંધો પામવા માટે જે ચારિત્ર્યની જરૂર પડે તે ગલગલિયાં કરાવતાં ગામગપાટાથી કે બીજાના જીવનમાં ડોકિયાં કરવાથી નથી ઊભું થઈ શકતું.

વિદ્રોહી સ્વભાવ હોવાથી અંગત રીતે આ સમયગાળાએ મારી અંદર ખૂબ બધા પ્રશ્નો ઊભા કર્યા—બરાબર છે, જાહેર સંસ્થા લોકોને જવાબદાર હોવી જોઈએ, પણ તેથી શું તેમના અંગત જીવન પર પણ તેમનો અધિકાર રહે? તેના વિશે તપાસ કરવાનો કે બેફામ બોલવાનો અધિકાર રહે? અમે બધા જ પુખ્ત વયના હતા—છોકરીઓને પાછી લાવવાનું બીડું ઝડપનારા વળી તે કોણ? છોકરીઓને પસંદગીનું સ્વાતંત્ર્ય કેમ ન હોય? તેમની આવી મોટાભા બનવાની કવાયત સમાજ ચલાવી લે? કોઈ સમજ વિના, કોઈ બાવાના પગલે બધું વારી જવા તૈયાર ભક્તો અને અમારા જેવા ભણેલાગણેલા, શું-શા માટે કરી રહ્યાં છીએ તેના જવાબો ધરાવનારાં યુવક-યુવતીઓ વચ્ચે કોઈ ફરક નહીં? સંજીવભાઈ માટે અમારા સહુના મનમાં વધુ માન હતું જ, પણ ભલા કેમ ન હોય? ...અને આવું આપણું સરકારી માળખું અને આવાં આપણાં છાપાં? લાગણીઓના, ઉકળાટના આવા ઘમસાણ છતાં એવું શું અસરકારક કરવું જેથી આ આખો હોબાળો યોગ્ય રીતે અટકે તે નક્કી કરીને કરવા જેટલી જવાબદારી હું વ્યક્તિગત રીતે નહોતી લઈ શકતી. હા, અમે સામૂહિક રીતે તેના માટે મથતાં હતાં ખરાં. અમે ચતુરાઈમાં ઊણાં ઊતરતાં હતાં એમ કહી શકાય. તેમને ક્યાં કેવી રીતે આંતરવા જેથી અમારો પક્ષ પણ એટલા જ

જોરથી મૂકી શકાય એવું વિચારતાં અમને આવડતું નહોતું. કદાચ, અમે આ પડકાર ઉઠાવી શકવા સમર્થ બનીએ તે માટે જ આ સંજોગો સર્જાયા હશે. કહેવાય છે ને કે માત્ર સારા હોવું પૂરતું નથી. ... મારી જેમ બીજા બધા મિત્રોએ પણ પોતપોતાની રીતે છટપટાહટ અનુભવી હતી. માત્ર સંજીવભાઈ શાંત હતા. મૈત્રી ભૂમિને સીલ લાગ્યું એ મોટી ઘટના વખતે પણ "જે થાય છે તે છેવટે સારા માટે થાય છે"નો તેમનો ભાવ નિશ્ચલ રહ્યો હતો. મોટા ભાગના આક્ષેપો તેમને નીચા પાડવા માટે થયા હતા છતાં તે બચાવની મુદ્રામાં આવી ગયા નહોતા. "મારો સમય અને જીવન હું કેવી રીતે વિતાવું છું તેના પર કોઈ બીજાનું નિયંત્રણ ન હોઈ શકે" એવી દઢ માન્યતા સાથે તેમણે પોતાનું ચિત્ત એક પુસ્તક લખવામાં પરોવ્યું'તું. જે થાય છે તે સારા માટે થાય છે—તે બહુ ચવાયેલું વાક્ય છે, ખરું, સંજીવભાઈ અહીં જે થઈ રહ્યું છે તે સારું થઈ રહ્યું છે તેમ નહોતા કહેતા, પણ તેમાં શું નિર્દેશ રહેલો છે ભવિષ્ય માટે તે શોધવા-સમજવાની વાત કરતા હતા. અમારા મિત્રોમાંના એકે ત્યારે તેમની વાતમાં સૂર પુરાવ્યો હતો, "આપણે ૫–૧૦ વર્ષ પછી આ આખા સમૂહનો અને ઘટનાનો જાહેરમાં આભાર માનતા હોઈશું..." ભવિષ્ય ત્યારે ભલે એકદમ ધૂંધળું હતું, પણ અમારા સૌના હૈયામાંનો વિશ્વાસ સાબૂત હતો કે આ કસોટીમાંથી પણ અમે પાર ઊતરી જ જઈશું.

અમે બદનક્ષીના દાવા કરવા શરૂ કર્યા એટલે તેમની બૂમાબૂમ ધીમી તો પડી પણ અટકી ન ગઈ. સાવ વિરોધાભાસી, તદ્દન બકવાસ લાગે તેવા આક્ષેપો ચાલુ રહ્યા. એક તરફ તેઓ કહેતા હતા કે ઓએસિસમાંથી છોકરીઓને પાછી આવવા દેવામાં આવતી નથી તો બીજી તરફ તેઓ જ એવું કહેતા હતા કે ઓએસિસની યુવતીઓ સ્વચ્છંદતા તરફ વળી ગઈ છે. ખરેખર તો તેમને અમારામાંથી એવી કોઈ યુવતીની તલાશ હતી જે તેમને જોઈતું નિવેદન આપે. ... ઘણા પ્રયત્નો છતાં તેમાં સફળ ન થવાયું એટલે તેમણે પેલા લાગણીશીલ પિતાને પકડ્યા ને તેમનો ભરપૂર ફાયદો ઉઠાવ્યો.

ઓએસિસમાં બહેનોને હંમેશાં આગળ રહેવાની તક આપવામાં આવતી હતી. ભાઈ-બહેનનો ભેદભાવ તો નહોતો જ, તેનાથી ઊલટું ભાઈઓ પાછળ રહી મદદરૂપ થવા મથતા, જેથી બહેનો પોતાના કંડિશનિંગથી વિપરીત આગળ રહી જવાબદારી ઉઠાવે. ગામડાંના લોકો સાથે બીજી જે એક થાપ અમે ખાઈ ગયાં તે આ હતી. ડગલે ને પગલે ઑફિસનાં કામોનો હિસાબ લેતી, ખેતીનાં કામો પર દેખરેખ રાખતી, પગાર કરતી, એકાઉન્ટ સંભાળતી, સંસ્થાનાં બીજાં મુખ્ય કામો સંભાળતી, જરૂર પડે ત્યાં દોડાદોડ કરી શકતી, બાઇક ચલાવતી બહેનોનું નેતૃત્વ કદાચ તેમને બહુ સ્વીકાર્ય ન પણ લાગ્યું હોય. કહો કે અમને એકબીજાને સમજવાનો સમય ઓછો પડ્યો હતો. આ પ્રકરણ શરૂ થયું તેની બહુ પહેલાંથી, ઓએસિસમાં સંસ્થાના બંને મુખ્ય હોદ્દા પર બહેનો જ હતી. આગળ જતાં, જ્યારે સંજીવભાઈના રાજીનામાની માંગ કરવામાં આવી, ત્યારે એકલા સંજીવભાઈને જ નહીં, અમને સૌને હસવું આવ્યું. સંજીવભાઈ તો ક્યારના નેતૃત્વની બીજી હરોળ તૈયાર કરવા પાછળ મરણિયા થયા હતા. તેમણે તરત ટ્રસ્ટી તરીકે પણ રાજીનામું આપી દીધું! ભાવતું હોય ને વૈદ્ય કહે તેમ. બહારના લોકો જે સમજે તે, અમે હંમેશાં અનુભવ્યું હતું કે પદ કે હોદ્દાની સત્તામાં તે માનતા નથી, તેમની જો કોઈ સત્તા હતી તો તે પ્રેમ, મિત્રતા અને ભરોસાના જોરે હતી, જે સ્વાભાવિક રીતે કોઈ પદની મોહતાજ નહોતી. જે માણસ નૈતિક રીતે જવાબદારી અનુભવતો હોય તેને પદનાં લટકણિયાં હોય તોય શું અને ન હોય તોય શું?

વિરોધીઓ માટે સંજીવભાઈના રાજીનામા જેવું બીજું એક અનપેક્ષિત પગલું હતું—સંજીવભાઈનું પ્રીતિ સાથેનું લગ્ન. અને તે સાથે જ જાણે આ આખા પ્રકરણનો નાટકીય અંત આવી ગયો. હા, છાપાંઓમાં એવું દર્શાવ્યું ખરું કે જોયું, અમે નહોતા કહેતા...

પણ હવે તો તેમની પાસે કહેવા માટે આમ પણ કંઈ બચ્યું જ નહોતું. ખરેખર તો કેટલાય વખતથી અમારી વચ્ચે લગ્ન સંદર્ભે ચર્ચાઓ ચાલતી જ હતી, અને છેવટે મિત્રોની એક બેઠકમાં આ નિર્ણય લેવાયો હતો. આ નિર્ણય લેતી વખતે સંજીવભાઈ જાણતા જ હતા કે તેમના લગ્નનો મનફાવતો અર્થ કાઢવામાં આવશે, પણ તેમણે અને ઓએસિસે પોતાની લાક્ષણિક નિર્ભીકતાથી તેની પરવા ન કરી.

૧૯૮૯થી ૧૯૯૯—ઓએસિસનો એક અતિ રોમાંચક તબક્કો અહીં પૂરો થયો. અમે અટકી જવા નહીં, આગળ વધવા માગતાં હતાં. એટલે શરૂ થયો ઓએસિસનો બીજો તબક્કો. પહેલા તબક્કાની જેમ, બીજો તબક્કો પણ એટલો જ પણ અલગ રીતે રોમાંચક છે અને એને વર્ણવવા માટે આટલાં કે તેથી વધુ પાનાં જોઈએ, એટલે એની વાત ફરી ક્યારેક. અત્યારે તો આ પહેલા તબક્કાએ અમને શું આપ્યું, અમે શું શીખ્યાં તેની વાત.

## સમાજદર્પણ—અમારી સામે, અમારી સાથે

જેમ કાળા વાદળને રૂપેરી કોર હોય છે તેમ અહીં પણ થયું. અમારા માટે આ રૂપેરી કોર બન્યાં અમારાં મા-બાપો, એ જ મા-બાપો જેમની સાથે શરૂઆતનાં વર્ષોમાં ખૂબ સંઘર્ષ રહ્યો હતો અને કેટલાક દાતાઓ તેમ જ શુભેચ્છકો.

એવું નહોતું કે દરરોજ સવારનાં છાપાં જોઈને અમારાં મા-બાપોનું હૃદય દ્રવી નહોતું જતું, પણ તેમણે અમારી પડખે રહેવું પસંદ કર્યું. માત્ર હૂંફ આપવા પૂરતું નહીં, પણ નક્કર રીતે. તેમણે પોતાના અનુભવો લખી આપ્યા, તેમણે સમાચારપત્રો અને સરકારી કચેરીઓએ રૂબરૂ જઈને વાત કરી. કેટલાક વડીલોએ અત્યંત નિખાલસ લેખ પણ લખ્યા. જેમાં સંજીવભાઈના પિતાએ ખૂબ સ્પષ્ટ અને લાંબો લેખ લખ્યો હતો તેવું મને યાદ છે. આમ, આ પ્રસંગ છેવટે અમને અમારા પરિવારો સાથે વધુ સંવાદિતામાં લઈ આવ્યો. અમારી કામ કરવાની શૈલી, લગ્ન, કારકિર્દી જેવા અનેક મુદ્દે ચિંતા હોવા છતાં અમારા વડીલોને અમારી સચ્ચાઈમાં—માત્ર પોતાના સંતાનની નહીં, પણ ઓએસિસ સંગઠનની અને તેના મિત્રોની સચ્ચાઈમાં રતીભાર શંકા નહોતી એ આટલી સ્પષ્ટ રીતે આ સંજોગોના કારણે જ પ્રગટ થયું, અને તેનાથી ભલા કયા સંતાનને સંતોષ ન થાય? હા, જે એક પરિવારનો ફાયદો ઉઠાવવામાં આવ્યો તેને કળ વળતાં, તેમની વચ્ચે સર્જાયેલી ખાઈ પુરાતાં વખત લાગવાનો હતો. માતાપિતા અને દીકરીઓને ભેગાં લઈ આવવાના 'ઉચ્ચ' હેતુ માટે મથનારાઓએ કમસે કમ હવે તો પાછું વળીને જોવું જોઈએ કે ખરેખર તેમણે એ વખતે શું કર્યું—તેમને ભેગાં કર્યાં કે તેમને વધુ દૂર, અલગ કર્યાં? અને આમ કરીને તેમણે શું ગૌરવ અનુભવાય તેવું કર્યું હતું?

એ જ રીતે કેટલાક દાતાઓએ બહુ દૃઢતાથી અમારામાં પોતાનો વિશ્વાસ પ્રગટ કર્યો. કોઈકે પોતાનું મકાન વાપરવા આપ્યું તો કોઈકે એકાઉન્ટ સીલ હોવા છતાં અમારું કામ ચાલુ રહે તે માટે આર્થિક ટેકો આપ્યો. એથી પણ વધુ, કેટલાય સ્થાનિક ઉદ્યોગપતિઓ અને નાગરિકો, જે ઓએસિસની શરૂઆતથી સાથે હતા, તેમણે બુલંદ સ્વરે કહ્યું કે તેમને અમારી નિષ્ઠામાં વિશ્વાસ છે. યુવાનો ભૂલ કરતાં હોય તેવું લાગે તો આપણા જેવા વડીલોએ તેમને ટોકવા જોઈએ, પણ તેમના ચારિત્ર્ય પર આ રીતે આક્ષેપો કરવા બરાબર નથી. બીજા એક દાતાએ અમારો ખભો થાબડીને મીઠો ઠપકો આપતાં કહ્યું, "લોકોએ ને છાપાંઓએ અમિતાભ બચ્ચનને પણ છોડ્યો નથી. તો તમે શું સમજો છો તમારી જાતને?" તો કોઈકે કહ્યું કે ચોક્કસ તમે એવું કશુંક કરતા હશો, તમારી વાતમાં એવો દમ હશે કે તમારો આટલો વિરોધ થયો, બસ, કામ અટકાવશો નહીં—તમારું કામ ચાલુ રાખો. કાંતિસેન શ્રોફે આખી વાતને જુદા જ પરિપ્રેક્ષ્યમાં મૂકીને અમને બતાવી—ઓએસિસ હવે વડોદરા પૂરતું સીમિત રહે તે નિયતિને મંજૂર નથી. તમારે હવે

મૈત્રી ભૂમિ પર રોકાયેલા રહેવાની જગ્યાએ આખા ગુજરાતમાં ઠેર ઠેર પ્રસરવાનું છે. સંજીવભાઈ જે નિર્દેશ શોધી રહ્યા હતા તે અમને કાંતિભાઈના શબ્દોમાં મળ્યો. ભવિષ્ય માટે દિશા દેખાઈ. વેરાન જમીનનો વિકાસ કરવામાં, સ્વરોજગારના પ્રકલ્પોમાં ઓએસિસનું મૂળ કામ જાણે પાછળ રહી ગયું હતું. હવે પાછા મૂળ કામ તરફ ફરવાનો વખત હતો.

રેવન્યૂના અધિકારીઓએ અમને વાતવાતમાં કહ્યું, તમારે બીજે જ્યાં જમીન જોઈતી હોય ત્યાં આપીએ, પણ આને ભૂલી જાઓ.

મને એ વખતના સામાન્ય લોકોના ભાવો બરાબર યાદ છે. દાતાઓ તો અમને સીધા ઓળખતા હતા, પણ ઝૅરોક્સ વગેરેની દુકાનોએ જ્યારે અમે ઊભાં હોઈએ અને અમારા કાગળિયાં પરથી તેઓ એવો ગણગણાટ કરતાં હોય કે આ પેલા ઓએસિસની બહેનો છે, ત્યારે પણ જેવા અમે એમની સાથે નજર ચોર્યા વિના, સ્પષ્ટ વાત કરતા કે તરત જ તેમના વર્તનમાં ફેરફાર આવતો, લોકો મદદ કરવા આગળ આવતા. અલબત્ત, સામાન્ય માણસો અને સરકારી બાબુઓમાં ફરક હોય છે. સરકારી બાબુઓને અમારી સચ્ચાઈ ન સ્પર્શી. અથવા તો પછી રાજકારણીઓના અને છાપાંઓની કાગારોળને વશ થવાની તેમની મજબૂરી જ હોય, તો તે કેટલા ન્યાયી રહી જાય છે તે પ્રશ્ન તો ઊભો રહે જ છે.

રોજેરોજ જ્યારે છાપાંમાં નગારાં વાગતાં હોય, તમને ચારિત્ર્યહીન ઠેરવવા નાની-મોટી તમામ બાબતોનાં ચીંથરાં ઉડાડાતાં હોય ત્યારે કેટલાક લોકો જયેશ શાહ, હ્યુમનસ્કેપના તંત્રી (મુંબઈ) જેવા પણ હતા—જેવા બનવાનું તમને મન થઈ આવે. જયેશભાઈ હવે આ દુનિયામાં નથી, પણ તેમના શબ્દો અમે કદી ભૂલીશું નહીં. થયું એમ કે એમને કોઈકે ઓએસિસ વિરુદ્ધ છપાયેલાં તમામ કતરણોની ઝૅરોક્સ મોકલાવી હતી. આ મોટું પૅકેટ ખોલ્યા પછી, તેમણે પહેલા એ મોકલનારને અને પછી સંજીવભાઈને ફોન જોડ્યો—"મેં એ મોકલનારને ફોન કરીને કહી દીધું છે કે બીજી વાર આવી પસ્તી મને મોકલવાની તસ્દી ન લે. હું સંજીવને અને ઓએસિસને બરાબર ઓળખું છું."

એ ઉપરાંત અમદાવાદથી ઇન્દુકુમાર જાની, જૉસેફ મેકવાન, યોગેન્દ્ર પરીખ, મીરાં ભટ્ટ એવા ઘણાએ અમને ટકી રહેવા માટે પ્રોત્સાહન અને જોઈએ તો મદદ કરવા માટેની તૈયારી બતાવી હતી. અમને પોરસાવતા આવા હિતેચ્છુઓના પત્રો આજે વાંચીએ તો પણ શેર લોહી ચઢી જાય છે.

ખેર, અમારા અંગત અને ઓએસિસના બહોળા પરિવારની દૃષ્ટિએ અમે આ યુદ્ધ જીત્યાં અને સરકારી બાબુઓ સામે અમે આ યુદ્ધ હાર્યાં. તેમણે છેવટે ઓએસિસ વિરુદ્ધ ચુકાદો આપ્યો અને વર્ષ ૨૦૦૦માં મૈત્રી ભૂમિની જમીન ખાલસા કરી.

ક્લેકટરના જમીન ખાલસા કરવા બાબતે અપાયેલા નિર્દેશ સામે અમે હાઈકોર્ટમાં અપીલ કરી. કાનૂની ક્ષેત્રમાં ગિરીશભાઈ પટેલ એક અત્યંત સન્માનનીય નામ છે, જજને પણ ઊભા થઈને તેમને સન્માન આપવાનું મન થાય તેટલું સન્માનનીય. આ ગિરીશભાઈ પટેલે અમારો કેસ લીધો અને રજૂ કર્યો. હાઈકોર્ટે આખી બાબતને રેવન્યૂ ડિપાર્ટમૅન્ટ પાસે મોકલી આપી-યોગ્ય સુનાવણી કરવા માટે. રેવન્યૂના અધિકારીઓએ અમને વાતવાતમાં કહ્યું, તમારે બીજે જ્યાં જમીન જોઈતી હોય ત્યાં આપીએ, પણ આને ભૂલી જાઓ. આમ તો ગિરીશભાઈએ અમારો કેસ હાથમાં લીધો અને રેવન્યૂના અધિકારીઓએ અનૌપચારિક રીતે આટલું સ્વીકાર્યું તે નૈતિક રીતે અમે ક્યાં ઊભાં

છીએ તેનો પૂરતો પુરાવો હતો.

દરમ્યાનમાં, ૨૦૦૧માં પ્રેસ કાઉન્સિલ ઑફ ઇન્ડિયાએ પ્રીતિ નાયરની તરફેણમાં ચુકાદો આપ્યો અને સંદેશને ઠપકો આપ્યો, જે છેવટે કડક પગલાંની ચેતવણી મળ્યા બાદ સંદેશે પ્રકાશિત પણ કરવો પડ્યો. મહેન્દ્રભાઈ મેઘાણીએ આ સમાચારના સંદર્ભમાં ખૂબ સંવેદનાસભર લેખ લખ્યો હતો. તેમણે પૂછ્યું હતું કે "...આવાં રંગીન લખાણો છાપવાથી પોતાનો ફેલાવો વધશે, એવી સંદેશની ધારણાને વડોદરાના વાચકોએ લપડાક કેમ ન મારી?... સંદેશમાં જેમનાં લખાણો નિયમિત કે અવારનવાર છપાય છે તેવા સન્માનનીય લેખકોમાંથી કોઈએ તંત્રીને મિત્રભાવે એટલું કહ્યું કે એક બહેનની આ રીતે બદનામી થાય તે ઘણું અયોગ્ય છે, અને એવા છાપાની સાથે અમારું નામ સંકળાયેલું હોય તેની અમને શરમ આવે છે?" લોકોમાં આવી મૂલ્યનિષ્ઠા ઊભી થાય એ માટે જ ઓએસિસ મથતું હતું અને હજીય મથે છે. મહેન્દ્રભાઈના એ લેખ નીચે અનિલા દલાલ, અરુણા દેસાઈ, ઇલા પાઠક, જયા મહેતા, શરીફા વીજળીવાળા, હરવિલાસ શાહ અને હિમાંશી શેલતે પોતાનાં નામ મૂક્યાં હતાં. સંસ્થા તરીકે અમે સંદેશ સામે કરેલો દીવાની કેસ હજુ સુધી ચાલી રહ્યો છે.

વર્ષ ૨૦૦૦ના અંતમાં જ અમે કાયદાકીય કાર્યવાહીઓને એની ગતિએ ચાલવા દઈ, પાછા કામમાં પરોવાવાનો નિર્ણય લઈ લીધો હતો.

## ડહાપણની દાઢ: અમારાં તારણો, અમે શું શીખ્યાં

તિમિર ગયું ને જ્યોતિ પ્રકાશ્યો... ધૂળનું ગમે તેટલું મોટું બવંડર ઊઠે, છેવટે તો તેના ગયા પછી આકાશ નિરભ્ર બને છે અને બધું સ્વચ્છ જોઈ શકાય છે. આવી કેટલીક બાબતો જે અમે સ્પષ્ટપણે જોઈ શક્યાં તે —

મૈત્રી ભૂમિ હાથમાંથી સરી જવી એ ઘટના ચોક્કસ જ અમારા માટે બહુ મોટી નિષ્ફળતા હતી. અમે સમજ્યાં કે અમારા જેવી સ્વતંત્ર મિજાજની ઝુંબેશ માટે સરકારી જમીન લેવી એ અમારી ભૂલ હતી. સરકારી જમીન પર સર્વસ્વ દાવે લગાડવું એ ભોળપણ હતું. આક્ષેપો ને આરોપો ગમે એટલા પાયાવિહીન, મનઘડંત હોય—'લોકપ્રિયતા' પાછળ દોડતી સરકાર જમીન પાછી લઈ જ લેવાની. એટલે હવે ઓએસિસને મૈત્રી ભૂમિ પાછી મેળવવાના કોડ ન રહ્યા. હા, ચારિત્ર્ય-ઘડતરનું સઘન કામ થઈ શકે એવું સ્થળ અને તે પણ જમીન ખરીદીને ઊભું કરવાનું સ્વપ્ન તો હજી એવું જ લીલુંછમ હતું.

પણ આ સમગ્ર અનુભવે અમને ઘણું ઘણું આપ્યું હતું. જેમ કે, ગમે તેટલો વિરોધ થતો હોય, તેમાં શાંતિથી ટકી રહેવાની, ઊભા રહેવાની શક્તિ ઊભી થઈ. જુદા જુદા પ્રકારના લોકમાનસને સમજવાની ફરજ પડી. જેમ કે, અમે એ જ હતાં, પણ અલગ અલગ લોકોએ અમને અલગ અલગ રીતે જોયાં હતાં. એ જેટલું અમારું વર્ણન હતું તેટલું તેમનું પોતાનું પણ વર્ણન હતું—તેઓ શું જુએ છે, તેમની દૃષ્ટિ શું છે... માણસના ઊંડા ઊંડા ગર્ભિત વિચારો છેવટે તો વ્યક્ત થઈ જ જાય છે. આખા અનુભવના અંતે અમે શિકાર (વિક્ટિમ) બન્યાની કે પીડિતની ભૂમિકામાં નહોતાં પહોંચી ગયાં, અમારા હૃદયમાં થોડો સમય રોષ, ધૂંધવાટ જરૂર રહ્યાં પણ કડવાશે હૃદય પર અને આવનારાં વર્ષો પર કબજો જમાવ્યો નહીં. આવું હું એટલા માટે કહી શકું છું કે છેક ૨૦૦૫ સુધી હું ઘનિષ્ઠ રીતે ઓએસિસ સાથે સંકળાયેલી રહી હતી. આ પ્રકરણ થયા બાદ વર્ષો સુધી મેં ક્યારેય ઓએસિસમાં એ વખતે અમને ખેદાનમેદાન કરવા નીકળી પડનારાઓની કૂથલી કે નિંદા, અરે અમુક હદથી વધુ ચર્ચા પણ થતી સાંભળી નથી. ચર્ચા થતી તો પણ કશું સમજવા પૂરતી, નિષ્ફળતાનો ટોપલો કોઈના માથે નાખવા માટે નહીં. અમે અમારું સમગ્ર ધ્યાન અમારાં કામમાં પરોવી શક્યાં હતાં તે કોઈ સિદ્ધિથી ઓછું નથી. અમે સમજ્યાં કે લોકો શું કહે છે અને માને છે તેનાથી વધુ અગત્યનું આપણે

આપણા વિશે શું માનીએ છીએ અને કેટલી દૃઢતાથી માનીએ છીએ તે છે. ઓએસિસ હાર્યું નહીં, અટક્યું નહીં અને પરિણામે તેની ક્ષિતિજો વિસ્તરી.

જો કસોટીમાંથી સાચી રીતે પસાર થઈએ તો તે તમને સોનું બનાવે છે તે મેં ઓએસિસના કેટલાક મિત્રોના કિસ્સામાં નજરે નિહાળ્યું છે. આ ક્રાઇસિસના પરિણામે તેમનામાં જબરજસ્ત ફેરફાર આવ્યો, તેમના કમિટમૅન્ટમાં અપૂર્વ ઊંડાણ આવ્યું, તેમની પરિપક્વતામાં અને સરવાળે ઓએસિસની પરિપક્વતામાં ધરખમ વધારો થયો. ક્રાઇસિસ પછીના લગભગ એકાદ વર્ષ સુધી અમારા મિત્રોમાંથી એક પણ જણ ખર્યું નહોતું. અમારો વિશ્વાસ અકબંધ રહ્યો હતો. પણ હવે ઓએસિસ સામેનો પડકાર જુદા પ્રકારનો, વધુ ગહન હતો. ત્યારે અમારે હાથમાં હાથ પરોવી, એક સાથે કશુંક કરવાનું નહોતું. ઊલટાનું દરેકેદરેક જણ પોતપોતાની રીતે, એકલપંડે ઓએસિસને આગળ ધપાવે તે હતો. આ એ સમયગાળો હતો જ્યારે મોટા ભાગના મિત્રો લગ્નની વય વટાવવા માંડ્યા હતા, તેમની સામે આજીવિકા ઊભી કરવાનો, જીવનને ગોઠવવાનો પડકાર હતો. બધા મિત્રોએ પોતપોતાની સૂઝસમજથી નિર્ણય લીધો—ઘણા મિત્રો પરણ્યા અને જે-તે ક્ષેત્રમાં કારકિર્દી ઘડવા લાગી ગયા. પોતાના જીવનનાં, ભરજુવાનીનાં દસ-દસ, પંદર-પંદર વર્ષ આપનારા આ મિત્રો પ્રત્યે ઓએસિસ કૃતજ્ઞતા અને પાક્કી દોસ્તી સિવાય બીજું કશું જ અનુભવી શકે તેમ નથી. આ તમામ મિત્રો અત્યારે પોતપોતાના જીવનમાં સ્થિર છે, સફળ છે, તેમના હૃદયમાં ઓએસિસ અને ઓએસિસના હૃદયમાં તેઓ હરહંમેશ જીવંત રહેવાના છે.

બાકીના મિત્રોએ ઓએસિસની મશાલને વધુ આગળ લઈ જવા કમર કસી. ઘણો ત્યાગ કર્યો અને ઘણા ચઢાવ-ઉતાર જોયા. ઓએસિસને ગુજરાત, મુંબઈ, બેંગલોરમાં વિસ્તાર્યું. તેમને દિલથી સલામી આપવાથી ઓછું કંઈ જ આપી શકાય તેમ નથી. હું પણ તેમનામાંની એક બની શકી હોત, પણ સ્વભાવગત મર્યાદાઓને કારણે મેં એ પસંદગી કરી નહીં. આજે જ્યારે આ લખી રહી છું ત્યારે એ વખતે નહોતી જોઈ શકી એ પરિપ્રેક્ષ્યમાં ઓએસિસને જોઈ શકું છું અને એ મિત્રોના સંઘર્ષને સમજી શકું છું. પણ મેં આગળ લખ્યું છે તેમ, ઓએસિસનો બીજો અધ્યાય વર્ણવવા આટલાં જ બીજાં પાનાં જોઈએ.

મીડિયાએ જે પિછોડો ફેરવી દીધો હતો તેના પ્રતાપે આજે ઓએસિસનું નામ આવતાં, કેટલાક લોકો પૂછે છે, "ઓએસિસ હજુ છે? ચાલે છે?"—આમ થવાનાં બે કારણો છે. એક, ઓએસિસ વધુ ઠરેલ બન્યું છે. બહુ બોલકાં ને છવાઈ જતાં કામોની જગ્યાએ ઓએસિસ સૂક્ષ્મ અને બારીક સ્તરે કામ કરે છે. પોતાના ચારિત્ર્ય–ઘડતરના વિશિષ્ટ કાર્યક્રમો થકી તે સમાજના અનેક વર્ગોને સ્પર્શે છે—બાળકો, શિક્ષકો, આચાર્યો, વ્યાવસાયિકો, ઉદ્યોગ સાહસિકો, કૉર્પોરેટ કંપનીઓ, ગૃહિણીઓ, કિશોરો, યુવાનો... બીજું, ઓએસિસ સ્થાનિક મીડિયાથી દૂર રહ્યું છે. સારાં કામો મીડિયાની સહાય વિના પણ પ્રસરી શકે છે, મીડિયામાં પ્રસાર કરવો એ કોઈ સામાજિક ઝુંબેશની અગ્રિમ આવશ્યકતા નથી તેવી હવે અમને પ્રતીતિ છે. બીજા શબ્દોમાં, ઓએસિસ લોકપ્રિયતા કે પ્રશંસા પામવાની જરૂરિયાતમાંથી મુક્ત થઈ ગયું છે.

ઓએસિસ છે કે નહીં તે જાણવા માગતા લોકો માટે—હા, તે છે, સત્તાવાર છે અને કદી નહોતું એટલું ફૂલ્યુંફાલ્યું છે. પોતાના ચારિત્ર્ય-ઘડતરના

કામમાં એકાગ્ર અને સ્થિર થયું છે. આજે તેની પાસે ચારિત્ર્ય-ઘડતરનો રીતસરનો અભ્યાસક્રમ છે, જે દેશવિદેશમાં નીવડી ચૂક્યો છે. "ઓએસિસ સાથેનો પરિચય મારા જીવનની શ્રેષ્ઠ ઘટના છે" એવું કહેનારા કદી નહોતા એટલા લોકો આજે તેની સાથે છે. તે આજે એ વખતે હતું તેનાથી ઘણું વધુ ટર્નઓવર ધરાવે છે. તેનાં સિત્તેરથી વધુ પ્રકાશનોનું વેચાણ દસ લાખથી વધુ નકલોને પાર કરી ગયું છે.

અને સૌથી શિરમોર, મૈત્રી ભૂમિ ભલે અમારા માટે એક સપનું રહી, પણ ઓએસિસ વૅલીઝ વાસ્તવિકતા છે. મહીની જગ્યાએ નર્મદાનાં કોતરોમાં, સરકારને બદલે અમારી નવ એકર જમીન પર, આજે વૃક્ષો લહેરાય છે, સજીવ ખેતી થાય છે અને વચ્ચે ઓએસિસ વૅલીઝની ઇમારત ઊભી છે.

આજે પણ ઓએસિસ ગામડાંની એ જ માનસિકતાનો અનુભવ પામે છે, એ જ બાબુશાહીનો અનુભવ ડગલે ને પગલે થાય છે, તેને આજે પણ એવા લોકો મળે છે, જે માલિકીભાવથી તેને દોરવા ઇચ્છે છે, આજે પણ એવા લોકો મળે છે જેને ગુંડાતત્ત્વો તરીકે ઓળખાવવાનું મન થાય—પણ આજે ઓએસિસ એ નથી. તે શીખ્યું છે કે કોઈ પણ માણસને લેબલ કરવાથી તેને મદદ કરી શકાતી નથી. તેના આદર્શો, લાંચરુશ્વત નહીં આપવાનો જુસ્સો એના એ જ છે, અને છતાં તે અલગ છે. આજે ઓએસિસ વધુ શાણું છે. આજે પણ તેમાં બહેનોને આગળ રહેવાની તક આપવામાં આવે છે. અને આજે પણ તેમાં નિરંતર જોડાતા અનેક લોકોથી પ્રામાણિક ભૂલો થાય છે, જેની બેફામ ટીકા ધારો તો આજે પણ થઈ શકે છે. તેમાં કોઈ મીર મારવાનો નથી. અમને સમજાયું છે કે લોકો રગશિયા ગાડાની જેમ કામ કરતી સંસ્થાને આસાનીથી સહન કરી શકે છે, પણ વ્યાવસાયિક ચુસ્તતાથી સામાજિક કામ કરતી સંસ્થાને પચાવવું તેમને અઘરું પડે છે—પણ તેથી આપણે મનમાં ઓછું લાવવું નહીં અને એ ચુસ્તતામાં લેશમાત્ર ઢીલાશ લાવવી નહીં.

સામાજિક પરિવર્તનના જેમ ચાર તબક્કા છે, ઉપેક્ષા-હાંસી-વિરોધ-સ્વીકાર. તેમ ઝુંબેશ બનવાના પણ ચાર તબક્કા છે.

સામાજિક પરિવર્તનના જેમ ચાર તબક્કા છે, ઉપેક્ષા-હાંસી-વિરોધ-સ્વીકાર. તેમ ઝુંબેશ બનવાના પણ ચાર તબક્કા છે, અને દરેક તબક્કો ૮થી ૧૨ વર્ષ લે છે તેવું અમે છેક નવમા દશકમાં શીખ્યાં હતાં- કોર ગ્રૂપ બનવું, એ જ કોર ગ્રૂપ દ્વારા પ્રાદેશિક વિસ્તાર, પ્રાદેશિક કેન્દ્રો, અને સમાજમાં દાવાનળની જેમ ફેલાઈ જવું. ઓએસિસે અત્યારે તેના ત્રીજા તબક્કામાં પ્રવેશ કર્યો છે, તે હજી આગળ વધી છેવટે ઝુંબેશનું સ્વરૂપ લઈ શકશે? ખબર નથી. પણ તે ચોક્કસ જ એ દિશા તરફ પ્રામાણિકપણે આગળ વધી રહ્યું છે. જો મૈત્રી ભૂમિ ગઈ જ ન હોત, જો એ કસોટીઓ આવી જ ન હોત તો ભલા ઓએસિસ કઈ રીતે અહીં સુધી પહોંચી શક્યું હોત?

ટૂંકમાં, આ સંઘર્ષોની ગાથા નથી, સંઘર્ષોમાં રહેલા ઓએસિસની ગાથા છે...

ઓએસિસની કથા જ્યારે લખીશું ત્યારે તેને 'શાશ્વત સ્વપ્નો, શાશ્વત સંઘર્ષ' નામ આપીશું એવું અમે મિત્રોએ કંઈ કેટલાંય વર્ષો પહેલાં વિચાર્યું હતું. આજે હું તેનું એક પ્રકરણ લખી શકી છું, તેનો મને અનહદ આનંદ અને સંતોષ છે. એક વ્યક્તિનો દૃષ્ટિકોણ હોવાથી તે સંપૂર્ણ ન હોઈ શકે, પણ આ લખવાથી ઘણી બધી વાતો પરિપ્રેક્ષ્યમાં જોઈ શકાઈ. જેમ કે, કઈ બાબત કેટલી મહત્ત્વની હતી, કઈ

નહોતી, અમે શું સારું કર્યું, ક્યાં ચૂક્યાં, વળી સમગ્ર ચિત્રમાં મારી જાતને અને મારી ભૂમિકાને સહેજ અળગા રહીને જોવાનો મોકો મળ્યો. સરવાળે એ ઘડીએ નહોતી સમજાઈ તેવી કેટલીક બાબતો આજે સમજાઈ શકી. આટલી રોમાંચક સફરનો એક હિસ્સો હોવા બદલ આનંદ ને ગૌરવ તો અનુભવાયાં જ.

હું મારી જાતને જાણું છું—હું કેટલી જિદ્દી-જડ હતી—છું... ઓએસિસ સાથેના આ દશકાએ મારી અંદરની રેશનાલિટીને ઝકઝોરી છે અને મને ઘણી સૌમ્ય બનાવી છે. જિંદગી દરેક જણને કોઈ ને કોઈ રીતે જરૂરી બાબતો શિખવાડતી જ હોય છે, પણ ઓએસિસના કારણે મને અનુભવોનો જે વિશાળ પટ મળ્યો તે ખરે જ અદ્‌ભુત અને દુર્લભ હતો. આ લખતાં આપોઆપ આ અનુભવોમાંથી હું શું પામી, શું ગુમાવ્યું ને ખાસ તો મેં શું આપ્યું એની માંડણી પણ થઈ ગઈ... કાશ! હું થોડી વધુ ઊંડી ડૂબકી મારવાનું સાહસ એકઠું કરી શકી હોત!

ઓએસિસ સાથેનાં એ વર્ષોથી એક જુદી જ ક્ષમા બની, એવી ક્ષમા કે જે મને વધુ સ્વીકાર્ય છે. આજે હું ઓએસિસ સાથે એટલી ઘનિષ્ઠતાથી જોડાયેલી નથી, (હા, અવારનવાર અમે સાથે કામ કરતાં રહીએ છીએ) પણ ઓએસિસ હરહંમેશ મારામાં રહેવાનું જ છે. આજે પણ જ્યારે જુદાં જુદાં ક્ષેત્રે નીવડેલા લોકોને એ જ સિદ્ધાન્તો ઉચ્ચારતી સાંભળું છું જે મેં ઓએસિસમાં સાંભળ્યા હતા, ત્યારે ત્યારે જાણે કશાકનો તાળો મળે છે, અને એક નહીં, અનેક બાબતે ઓએસિસ પ્રત્યે કૃતજ્ઞતા અનુભવાય છે.

ઈ-મેઇલ : k_s_h_a_m_a@yahoo.com

